
R.N.I. No. : 11555 / 1957
JULY - 2026

Price Rs. 1/-
Vol No. 70
Issue No. 4

Total : 44 Pages
1

# જ્યોતિપુંજ

Jyoti Punj



legrand
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation
* Control and Command
* Active International Presence.

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand

# MATCHWELL ELECTRIC COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

DISPLAY/GODOWN : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)**
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)**

*Authorised Distributors Stockist :*

legrand BCH LUKER (J.V. LUKER - USA) steelgrip
Pidilite WD-40 m-seal KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૭૦ | ૪ | ૨૧-૭-૨૦૨૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ



**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ઈ/૨૧ બી, નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી,

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર

મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

DDD

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪.

DDD

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. રોડ પોલીસ

સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**Email Id : bnssangh@gmail.com**

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

DDD

Visit us at www.balasinor.in





# Made in India
## A Titan Story

**તંત્રી સ્થાનેથી**

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

કૉલેજમાં ભણતા યુવક-યુવતીઓથી લઈને, ધમધોકાર કારોબાર કરનાર, દરેક પ્રકારના વેપાર-વાણિજ્યમાં રસ ધરાવનાર મહેનતુ લોકોએ જીવનમાં અવ્વલ આવવા ટાઈટન સિરીઝ જોવી ખૂબ જરૂરી છે.

જગ મશહૂર ઉદ્યોગપતિ ટાટા (TATA) જ્યારે નવા સાહસમાં ઝંપલાવે છે, ઘડિયાળ બનાવવાના કારોબારમાં ત્યારે ટાઈટન (TiTAN) ના બીજ-જન્મ-નામકરણ-લૉન-જગ્યા-સ્ટાફ-અન્ય વિદ્વાન અનુભવી સ્ટાફ માટે કેવા કેવા તબક્કામાંથી પસાર થવું પડે છે, તે દરેક વાતનું બારીકાઈથી વિશ્લેષણ કરી ઉચ્ચ કક્ષાની સિરીઝ તૈયાર કરવામાં આવી છે.

અત્યારે એમેઝોન-પ્રાઈમ પર ‘અ ટાઈટન સ્ટોરી’ ધૂમ મચાવી રહી છે.

૬ એપિસોડ ધરાવતી આ સિરીઝ ઘરના નવ યુવાન-યુવતીઓને ચોક્કસ બતાવજો.

ખૂબ જ નાના નાના પ્રસંગો દ્વારા જીવનમાં, કામકાજમાં, વ્યવહારમાં ઘણાં મોટા પાઠ શિખવા મળે છે. સફળતા પામતાં પહેલાં અસફળતાનાં માર્ગેથી પસાર થવું પડે છે. ઘણી વખત બહારના લોકો કલ્યાણકારી, સફળતાનો માર્ગ બતાવી જાય છે. નાના માણસને પોતીકો કરવા એના જીવનનાં સુખ દુઃખના હિસ્સામાં સામેલ થવું પડે છે. કોઈપણ કાર્ય માટે વિચારવિમર્શ, ટીમ વર્ક કેટલું મજબૂત કામ કરે છે, તે આ ટાઈટન સિરીઝમાં સમજાય છે. પોતે જે કાર્ય હાથમાં લીધું છે તેમાં મને સંપૂર્ણ સફળતા મળશે જ એવા ઉચ્ચ ધ્યેય, સંકલ્પ જીવનમાં હોવા ખૂબ જરૂરી છે. પોતાની કાબેલિયતમાં, ટીમવર્કનો હિસ્સો ખૂબ મોટો ભાગ ભજવે છે.

# YOGA BY BANKIM PARIKH

## ONLINE YOGA SESSIONS

## CONNECT WITH YOUR SOUL

- **Pranayam**
- **Aasanas**
- **Power Yoga**
- **Surya Namaskar**
- **Stretching**
- **Other Kriyas**
- **Meditation**
- **Relaxation & Shavasan**
- **Knowledge Sharing**



**Online Batch 1** : Mon to Fri - 7.00 am to 8.00 am

**Off-Line Batch 2** : Mon - Wed - Thu - 6.30 pm to 7.30 pm

**Venue :** Bal Bharti School, S.V.Road, Opp. Bata & Hitwardhak Mandal, Kandivali (West), Mumbai - 400067

**Bankim : 9820434322**

**RELEASE YOUR MIND AND BODY**

**Blessings**

Mother : Hasumati Rajnikant Parikh

Father : Rajnikant Ramanlal Parikh

Guruji : Shri Narendra Brahmacharijee

ટાઈટનના એક - એક ડાયલોગ ઘણું ઘણું કહી જાય છે. શિખવી જાય છે, વિચાર કરતાં કરી મૂકે છે. આત્મવિશ્વાસ જગાડવાનું કામ કરે છે. જીવનમાં ઘણી વખત ઘરના કરતાં બહારનાં પરિબળો અમૂલ્ય પરિવર્તન લાવતાં હોય છે. આપણાં જીવનમાં પણ આ ટાઈટન સ્ટોરી એ કાર્ય સમક્ષ રીતે કરી જશે, જ્યારે સોનેરી ભવિષ્ય માટે એક વ્યકિત બધા ઝંઝાવાત સામે હામ ભીડવા તૈયાર થાય છે. વાર્તાના હાર્દ સાથે તાલમેલ જોડી પોતાનાં જીવનમાં-કાર્યશૈલીમાં બદલાવ લાવે છે, તેનો અમલ કરે છે.

છ એપિસોડની આ સિરીઝ જોવી અને કુટુંબીજનોને બતાવી દરેકના જીવનમાં સોનેરી સ્વપ્નના બીજ વાવી શકાય, સપના સાકાર કરી શકાય.

**આજે જુઓ** Amazone Prime પર મેઈડ ઈન ઈન્ડિયા - અ ટાઈટન સ્ટોરી.

Made in India
A Titan Story

P P P

## કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન

કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન તા. ૨૦-૦૯-૨૦૨૬ ના રવિવારના રોજ રાખેલ છે.

કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર-વાસીઓને **સવારે ૧૧.૩૦ કલાકે** સમૂહ ભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

**સ્થળ :** અદુકીયા સ્કૂલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**નોંધ :** કાંદિવલીમાં વસતા તથા નવા રહેવા આવેલ સર્વેને સમૂહ ભોજનમાં પધારવા વિનંતી છે.

**લિ. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ**



II Shree Ganeshay Namah II

SERVING SINCE 1989

# TRADE LINK

RIGHT PLACE. RIGHT CONNECTION.

Authorised Channel Partner : AJMERA, CONNECTWELL, COMPAQ, HENSEL & HPL

| | |
|---|---|
| AJMERA<br>Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears. | HENSEL<br>PASSION FOR POWER<br>Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands. |
| connectwell<br>The Right Connection<br>Connectors and terminal blocks<br>Relay interface module | PCE<br>Plugs and sockets, couplers, switched wall socket with interlocking |
| COMPAQ<br>CONNECTING POWER<br>Cable Jointing Kit & Termination Kit. | HPL<br>Onload Changeover Switch, ATS, MCCB, MCB, RCCB, Contactors, ACB, Switch Disconnector Fuse Energy Meters. |

H.O. : 301, 3rd Floor, Ajmera Midtown, Ramdas Building CHSL, Popatwadi Corner, Kalbadevi Road, Mumbai - 400002.

Warehouse : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.

Phone : 022 3194 9901 **Mob.:** +91 79779 11412 / 98211 15849

E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

D **રૂા. ૫૧,૦૦૦/-** (અંકે રૂા. એકાવન હજાર પૂરા) નું માતબર દાન શ્રી રસિકભાઈ અશ્વિનભાઈ શાહ તરફથી સંઘને આર્થિક સહાય યોજના માટે પ્રાપ્ત થયું છે.

સંઘ શ્રી રસિકભાઈ અશ્વિનભાઈ શાહ તથા તેમના કુટુંબીજનોનો ખૂબ આભાર માને છે તથા જીવનમાં સર્વ પ્રકારની આપની પ્રગતિ થાય તે માટે યાચના કરે છે.

**મંત્રી**
**શ્રી અલ્પેશ ધારીઆ**

**પ્રમુખ**
**શ્રી જીગર કડકીઆ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

**ORGANISED**

**SMT. MANORAMABEN HASMUKHLAL DHARIA (SURATWALA)**

**SPONSORED**

## SHRI. NATVERLAL CHUNILAL MODY JANSATHI T20 TROPHY 2026 - 2027

**This Year Jansathi T 20 Cricket Tournament will be organised at SPJ Grounds Lonavala.**

**The dates of the tournament are 11th, 12th & 13th December 2026.**

**The charges for the tournament will be Rs. 8500/- per person which includes:**

- Accommodation.
- Cricketing Gears.
- Mouthwatering food.
- T Shirts for the tournament.

The cricket committee request the  to contact the below mentioned committee members for enrolment for the above tournament.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Shri. Ripal Parikh | : | 98201 76092 | Shri Ruchit Doshi | : | 98210 68187 |
| Shri. Rohan Dharia | : | 98208 06411 | Shri Rohan Desai | : | 98334 33993 |
| Shri. Chirag Desai | : | 98709 28235 | Shri Kanish Parikh | : | 99300 99934 |
| Shri. Anishbhai Parikh | : | 93210 78889 | Shri Urmilbhai Kadakia | : | 98191 83379 |

| Secretary | President | Co-ordinator | Convenor | Jt. Convenor |
|---|---|---|---|---|
| Shri Alpesh Dharia | Shri Jigar Kadakia | Shri Ripal Parikh | Shri Ruchit Doshi | Shri Rohan Dharia |


Crescent Electricals
Specialist In : ANALOG & DIGITAL MEASURING INSTRUMENTS, PROCESS INSTRUMENTS, UPS & INVERTORS.
AUTHORISED DEALER OF
MULTISPAN
• Digital Temp Controller
• Digital Timers
• Digital Counters
• Process Indicator
• Jumbo Display
• Signal Isolator
NIPPEN®
Reliable Performance
• Digital Multi Function Meter
• Analog Meter
• Meggar / Earth Tester
• CT'S
• APFC Relay
KAYCEE
KI
• Rotary Cam Switches
• Micro Switches
• Counter Meter
• Hour Meter
• Toggle Switches
select
Rotary, Cam, Toggle, Micro Switches
SENTRI
Single Phase & Three Phase Stabilizer & Transformer
Elent
CVT / UPS
minilec®
• Protection Relays
• Water Level Controller
• Window Annunciators
AARYAN
A P F C RELAY
recom®
Rotary, Cam Switches Toggle & Micro Switches
FLUKE
MECO®
• Multi Meter / Clamp Meter
• Tacho Meter
• LUX Meter
PARAGON
Digital Temp. Controller, Timer
I-THERM
Digital Temp. Controller, Timer
WACO
Insulation Tester, Digital Earth Tester
MICROTEK
Inverter and Online UPS
PROTON
Timer / Window Annunciators
NRG
Current Transformer
TAIE
PID Controller
Ground Floor, Shop No. 4, Betawala Building, Behind Bank of India, 475, Kalbadevi Road, Mumbai - 400 002.
Tel. (O) : 2206 5992 / 69333345 / 98215 44950 | Email : crescentelectricals81@gmail.com

## સંકેત અગમચેતી



- શેફાલી મનિષ કડકીઆ

આ વર્ષે જેટલાં જાંબુ બજારમાં દેખાય છે તેટલાં મેં છેલ્લાં ત્રણ દાયકામાં ક્યારેય જોયા નથી.

જાંબુનો અક્ષરશ : ઢગલો પડ્યો છે. જે ઝાડોને ગયા વર્ષે છૂટી છવાઈ ફળ આવી હતી, તે ઝાડો પણ જાંબુનો ઢગલો કરી રહ્યાં છે. જે ઝાડોને ફળ આવ્યાં હતાં ત્યાં ઢગલા પડવા લાગ્યા છે.

આ નક્કી શું ચાલી રહ્યું છે ?

અમારી દાદી બસ એટલું જ કહેતાં કે 'જે ઉનાળામાં જાંબુનો આવો ઢગલો પડે, તે વર્ષે દુષ્કાળ હોય છે.'

દાદીનું પરંપરાગત જ્ઞાન વનસ્પતિશાસ્ત્ર પ્રમાણે વૈજ્ઞાનિક સમજણ એકદમ સાચું અને સચોટ છે. વિજ્ઞાનમાં આ રસપ્રદ અને એટલી જ ચોંકાવનારી પ્રક્રિયાને 'માસ્ટિંગ' (Masting) અથવા 'સ્ટ્રેસ ફ્રૂટિંગ (Stress Fruiting) કહેવામાં આવે છે.

ઝાડો દ્વારા પોતાને ખતમ કરીને વધુમાં વધુ ફળ આપવાના આ છેલ્લા પ્રયાસને ક્યારેક 'સુસાઈડ ફ્રૂટિંગ' (Suicide Fruiting) અથવા 'બમ્પર ક્રોપ' પણ કહે છે.

આ નક્કી શું છે અને આની પાછળ વિજ્ઞાન શું કહે છે, તે આપણે સરળ ભાષામાં સમજીએ :

**૧. સર્વાઈવલ ઈન્સ્ટિંક્ટ (અસ્તિત્વની લડાઈ)**

પ્રાધ્યાપિકા મેડમે કહ્યું તેમ, આ પ્રકૃતિનો 'જીવઆગળ ચાલુ રાખવાનો' (Survival of the Species) નિયમ છે. જ્યારે ઝાડને જમીનની નીચેથી પાણીની તંગી જણાવા લાગે છે અથવા હવામાનમાં મોટા ફેરફાર થવાના સંકેત મળે છે, ત્યાંરે ઝાડ 'બચાવાત્મક મોડ' (Defense Mode) માં જતું રહે છે.

ઝાડને લાગે છે કે કદાચ આવતા સમયમાં આપણે જીવી શકીશું નહીં. એવા સમયે પોતાને બચાવવાને બદલે, પોતાની પ્રજાતિ પૃથ્વી પર ટકી રહે તે માટે ઝાડ પોતાની સંપૂર્ણ ઊર્જા 'બીજ' (ફળ) બનાવવા માટે વાપરે છે.

**૨. નવા પાંદડા-ડાળીઓ પર પ્રતિબંધ**

આવા વર્ષમાં ઝાડ નવી કૂંપળ ફૂટવી કે ડાળીઓ વધારવી સંપૂર્ણપણે બંધ કરી દે છે, કારણ કે નવા પાંદડાને જીવંત રાખવા માટે વધુ પાણી અને ખોરાક જોઈએ. ઝાડ એ ઊર્જા બચાવીને ફક્ત અને ફક્ત જાંબુનું ઉત્પાદન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આના કારણે જ ગયા વર્ષે જે ઝાડોને છૂટી છવાઈ ફળ હતાં, તે ઝાડો પણ આ વર્ષે ફળોથી લચી પડ્યાં છે.

**૩. દાદીની ભવિષ્યવાણી અને વિજ્ઞાન (દુષ્કાળનો સંબંધ)**

દાદીનું નિરીક્ષણ એકદમ સચોટ છે, કારણ કે વનસ્પતિ હવામાનના ફેરફારોને માણસ કરતાં ઘણી વહેલી અને સંવેદનશીલતાથી ઓળખી લે છે.

જાંબુનું મૂળ 'સોટમૂળ' (Taproot) હોય છે. જે જમીનના એકદમ ઊંડા સ્તર સુધી જાય છે.

જ્યારે ભૂગર્ભજળનું સ્તર અત્યંત નીચે જતું રહે છે, ત્યારે જ આ મૂળોને તણાવ (Water Stress) અનુભવાય છે.

આ પાણીનો તણાવ એટલે જ આવનારા દુષ્કાળ અથવા કડક ઉનાળાના સંકેત હોય છે.

એટલે જ, જે વર્ષે ઉનાળામાં જાંબુનો આવો અભૂતપૂર્વ ઢગલો પડે, તે પ્રકૃતિનો ભવિષ્યના સૂકા સમયગાળાનો ઈશારો હોય છે.

ટૂંકમાં કહીએ તો...

જાંબુનું ઝાડ આત્મહત્યા નથી કરતું, પણ પોતાનું બલિદાન આપીને પોતાની આવનારી પેઢીને (બીજ ને) જન્મ આપવાનો પ્રયાસ કરી રહ્યું હોય છે. પ્રકૃતિનું આ ચક્ર આશ્ચર્યચકિત કરી દે તેવું છે. દાદીનું પેઢી દર પેઢીનું નિરીક્ષણ અને વિજ્ઞાનના સિદ્ધાંતો અહીં તુરંત મેળ ખાય છે.

આ વર્ષે જાંબુનો સ્વાદ જરૂર માણો, પણ પ્રકૃતિએ આપેલા આ 'દુષ્કાળના' સંકેતને ગંભીરતાથી જોઈને પાણી સંસાધનો નો ઉપયોગ સંભાળીને કરવાની જરૂર છે. એ જ આમાંથી દેખાઈ આવે છે. PPP

GIRISH PATEL
98202 22026

NISHITH DHARIA
98200 89657

Official Distributor
of

Schneider Electric

SELEC®
Creating Best Value

SENTINEL ELECTRIC CO.

Mumbai Branch :
Lawyers Chamber, 24 R.C. Mama Path, Lohar Chawl, Mumbai :- 400 002.
Telefax : (022) 2206 3528 / 2205 3536 / 2208 5915
WhatsApp : 9619457730
Tel.: 2203 0555 / 6933 33 65 / 6933 33 66
E-mail : sentinel.mumbai@gmail.com

www.sentinelelectricco.com


# PRABHAT CABLES PVT. LTD.

**HEAD OFFICE : MUMBAI**

**BRANCHES :**
**RAIPUR • BHUBANESWAR • KALABURAGI • HUBBALLI • BENGALURU • GUWAHATI**

**HEAD OFFICE :**
33, Pathak Wadi, Ismail Building, 1st Floor, Lohar Chawl,
Mumbai - 400 002, Maharashtra, India.
Tel.: +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com

Auth. Distributors
POLYCAB
IDEAS. CONNECTED.

nipa ®

# Nipa Commercial Corporation

*application base solutions*

55 years
Celebrating your Patronage




**SHOWROOM:** Plot No. 105/24, Janta Market Turbhe, Navi Mumbai 400 705.

**MOB.:** 98201 30161 | 9930131001 • **E-mail.:** info@nipa.asia | **BRANCHES: ANDHERI & KALBADEVI**

# ગુરૂ-પૂર્ણિમા

- ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ (લાલખા)

ખૂબ જ વિનમ્રતાથી કહેવા માગું છું કે આ વિષય શાસ્ત્રીય છે. શાસ્ત્રીય જ્ઞાન છે. આશરે સો વર્ષ પહેલાનું સાહિત્ય છે. લખાયેલા શબ્દો મારા છે પણ વણાયેલું જ્ઞાન શાસ્ત્રીય છે. લેખ ખૂબ જ જાણવા જેવો છે.

ઈશ્વરની એક કૃતિ એટલે મનુષ્ય. ભગવાને ભગવદ્ ગીતામાં મનુષ્યને મમૈવાંશ : કહીને બિરદાવ્યો છે. પરમેશ્વરની આ શ્રેષ્ઠ કૃતિ માનવને સદૈવ ઉન્નતિના શિખરે સ્થિર રહેવાનું માર્ગદર્શન જે વ્યક્તિ આપે છે તેને આપણી સંસ્કૃતિ એ 'ગુરૂ' શબ્દનું બિરુદ આપી સન્માન કર્યું છે. અષાઢી પૂનમ એટલે વ્યાસ પૂજાનો દિવસ. વ્યાસ પૂજાના પવિત્ર દિવસે સંસ્કૃતિ ના ઘડવૈયાનું પૂજન થાય છે. પ્રત્યેક 'ગુરૂ' ની ભાવ વંદના થાય છે. ખાસ કરીને શ્રી વ્યાસમુનિ જેમણે આપણને મહાભારત જેવો ગ્રંથ આપ્યો. તેથી જ સંસ્કૃતિના વિચારોનો પ્રચાર કરનાર પ્રત્યેક ગુરૂની પીઠ ને 'વ્યાસપીઠ' કહેવાય છે.

આજના સમયમાં 'ગુરૂ' શબ્દ બોલાય તો સૌ પ્રથમ છાપ સ્કુલના શિક્ષકોની જ આવે પરંતુ 'શિક્ષક' અને 'ગુરૂ' માં ઘણો તફાવત છે. શિક્ષક ભણતર ને મહત્વ આપે છે જ્યારે ગુરુ ભણતરની સાથે ચરિત્રનું પણ ઘડતર કરે છે. ગુરુ તો 'પાવની' છે. પાવની એટલે જે બીજાને પવિત્ર કરે તે. નિરંતર એમના હૃદયમાંથી આપણા માટે, આપણા કલ્યાણ માટે પ્રેમની ધારા વહેતી હોય. વાણીમાં થી આપણા માટે કૃપા વરસતી હોય. આપણા આધ્યાત્મ ભાવને, આપણામાં છૂપાયેલી મુમુક્ષતા ને જગાડે, પાળે, સાચવી રાખે. એમની વાણીનાં પ્રવાહમાં થી આપણને આત્માનું ગીત સંભળાતુ હોય. જ્ઞાન, પ્રેમ, પવિત્રતા, શાંતિના સાગરનો આભાસ થતો હોય એવું લાગે. 'ગુરૂ' વાણી એટલે આપણને મળતું અંતર્મુખતા પામવાનું આમંત્રણ.

મહર્ષિ વ્યાસ જીવનના સાચા ભાષ્યકાર છે. તેમણે જીવનને તેના સમગ્ર સ્વરૂપમાં જાણ્યું છે. જીવન એ ન કેવળ પ્રકાશ છે કે ન તો કેવળ અંધકાર. જીવન તો છે તે જ છાયાની સંતાકૂકડી. ભરતી ઓટની રમત અને સુખ દુઃખનો સમન્વય. એમનું કહેવું છે કે આપણું જીવન તો કાળા અને ધોળા તંતુઓથી વણાયેલું છે. સદ્ગુણ અને દુર્ગુણ જીવનમાં સાથે જોવા મળે છે. શંકરાચાર્ય ગુરૂનું નામ આવતા જ આંખો ભાવભીની થઈ જાય છે.

ગુરૂના અનેક પ્રકાર છે. જેવા કે ચંદન ગુરૂ, વિચાર ગુરૂ, અનુગ્રહ ગુરૂ, સ્પર્શ ગુરૂ, કુર્મ ગુરૂ, દર્પણ ગુરૂ, કોંચ ગુરૂ વિગેરે. આ પ્રત્યેક ગુરૂની આગવી વિશિષ્ટતા છે. જેમના સમાગમ માત્રથી શિષ્યના જીવનમાં સુગંધ નિર્માણ થાય છે.

**ચંદન ગુરૂ :** ગુરુ પ્રભુકાર્યથી પોતાની જાત ઘસીને જગતમાં સૌરભ પ્રસરાવે છે.

**વિચાર ગુરૂ :** શિષ્યના અંધકારમય જીવનમાં પ્રકાશદીપ



**MAVERISTIC PRODUCTIONS** Where AI Meets Motion

# Cinematic Stories. Powered by AI.

**Brand Films • Automotive • Luxury • D2C • Live Events • Motion Comics**

## WHAT WE DO

| | | |
|---|---|---|
| **AI Brand Films**<br>Cinematic content, no traditional shoot | **Automotive Films**<br>OEM-grade AI production | **D2C & Lifestyle**<br>Product storytelling, campaign films |
| **AI Short Films**<br>Generative cinema, sci-fi narratives | **Stage Backdrops**<br>Live event AI motion visuals | **Motion Comics**<br>AI-powered illustrated IP content |

## OUR WORK

- **Atom Eats** — D2C Brand Film
- **TATA Sierra** — Automotive Concept Film
- **Steel and Soul** — AI Cyberpunk Short
- **Renault Bridger** — Automotive Concept Film
- **Maven Valley** — Real Estate Cinematic Film
- **Mahila Mandal Vallabh Gaata** — Live Event Stage Visuals

**MAVERISTIC** Be Valuable, Not Available

# Websites. AI Apps. Built to Grow.

**7 Years • 350+ Projects • Wix Legend Partner • India & International**

## WHAT WE DO

| | | |
|---|---|---|
| **Website Design & Dev**<br>Wix Studio, Custom Builds | **AI App Development**<br>Web Apps, Workflow Automation | **SEO & Digital Growth**<br>Strategy, Search Visibility |
| **Process Automation**<br>AI Integration, Efficiency | **Strategy & Consulting**<br>Product Thinking, Scalable Systems | **Content & Campaigns**<br>Brand Messaging, Comms |

## OUR WORK

- **iCare Life** — Healthcare Learning Platform
- **InfoKonect** — AI-Powered Networking App
- **AgroStar** — Corporate Website, Wix Studio
- **Mavenpanel** — GST-Compliant Invoice Tool
- **iiLS** — Enterprise LMS
- **Blackstone Data** — SaaS Tech Website

**SCAN FOR FULL PORTFOLIOS**

**MAVERISTIC PRODUCTIONS**
maveristic.io/portfolio

**MAVERISTIC**
maveristic.com/portfolio

**Visaj Jayesh Shah**
**visaj@maveristic.com | +91-83893 56842**

Mumbai, India • Maveristic • Be Valuable, Not Available

પ્રગટાવે છે. એનાં આત્મ વિશ્વાસ ને જગાડે છે. અર્જુનના મોહને નષ્ટ કરવાના નિમિત્તે ગીતાના અઢાર અધ્યાય કહેવામાં પ્રભુ શ્રી કૃષ્ણ થાક્યા નથી. અર્જુનની વિવેક બુદ્ધિ ને ઉજાગર કરી એનો આત્મ વિશ્વાસ જાગૃત કર્યો.

**અનુગ્રહ ગુરૂ :** અતિશય કૃપાળુ હોય છે. શિષ્ય પર અનુગ્રહ કરીને તેમને આગળ વધારે છે.

**સ્પર્શ ગુરૂ :** તો પારસમણિની માફક સ્પર્શ માત્રથી શિષ્યનાં જીવનમાં મહાન પરિવર્તન સર્જે છે. ગુરૂ સ્પર્શ થતા ગુરૂની બધી શક્તિ શિષ્યમાં સંક્રમિત થાય છે. એ પ્રયોગ ને શક્તિપાત નો પ્રયોગ કહેવામાં આવે છે.

**કુર્મ ગુરૂ :** ની અમી દ્રષ્ટિ શિષ્યમાં પ્રેમ, શક્તિ અને તેજસ્વિતા વધારે છે.

**ચંદ્ર ગુરૂ :** દૂર રહીને પણ શિષ્યના જીવનમાં પોતાના પ્રભાવથી શીતળતા અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપે છે.

**દર્પણ ગુરૂ :** શિષ્ય ને આત્મનિરિક્ષણ કરતો કરી દે છે. દર્પણમાં જોવું એટલે પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન કરવાનો. તું તારી જાતને ઓળખ.

**કોંચ ગુરૂ :** સ્મરણ માત્રથી શિષ્યનું કલ્યાણ સાધી શકે છે.

આપણા ભારત દેશમાં ગુરૂ પરંપરા હતી. ગુરૂ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ હતો. શ્રી જનકનાં ગુરૂ યાજ્ઞવલ્ક્ય હતા અને શુક્રાચાર્યના ગુરૂ જનક હતા. સાંદીપનીનાં શિષ્ય કહેવડાવવામાં શ્રી કૃષ્ણ અને સુદામા ગૌરવ અનુભવતા. વિશ્વામિત્રની સેવા કરવામાં શ્રી રામ અને લક્ષ્મણ કદી ન થાકતા.

જ્ઞાનના સૂર્ય, પ્રેમના મહાસાગર અને શાંતિના હિમાલય એવા ગુરૂનાં 'ગુરૂ પૂર્ણિમા' ના દિવસે પૂજન કરી ભાવ-વંદના અર્પણ કરીએ.

સંત કબીરે ભાવપૂર્ણ અંતઃકરણ થી કહ્યું છે કે -

**ગુરૂ ગોવિંદ દોઉ ખડે કાકે લાગૂં પાય**
**બલિહારી ગુરૂદેવ કી ગોવિંદ દિયો બતાઈ.**

PPP


**શ્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)**
ટ્રસ્ટી
શ્રી શામળાજી વિષ્ણુ મંદિર (શામળાજી)
જ્યોતિર્વિદ મુંબઈ


**જ્યોતિષ વિષારદ, કર્મકાંડ વિષારદ**
**(મૂડેટી - અમદાવાદ)**
જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર લેન,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**



|| જય શ્રી કૃષ્ણ ||
રાધે રાધે



સ્વર ને સંગીતનો અનેરો સંગમ
**શુભારંભ**
સંગીત ગ્રુપ
દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી , એનિવરસૅરી, જુનાગીતો
ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા
સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap


Shah & Shah Enterprise
Reg.Office - 1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.
Sales Office - Ashoka Shopping Center, Office No: 41, 1st Floor, L.T. Marg, Mumbai - 400001.
+91-9819617568 / 9867013920
sales@shahent.co.in
www.shahent.co.in
022-49737568 / 022-46198033
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
SPDs
Midget Fuse links
Solar Pv Fuse
Time Delay Fuse
Bs Semiconductor Fuses
D-Link®
Building Networks for People
Lan Network Cable
Cat 6 Cable
Copper Structure Cabling
Fiber Cabling
CITEL
Wind Turbine
AC Power
Photovoltaic
www.shahent.co.in

# ગુજરાતના નયનરમ્ય ધોધ અને ઝરણાં

- નિમીષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

ગુજરાતની પ્રકૃતિનું એક અદ્ભુત અને મનમોહક પાસું તેનાં નયમરમ્ય જળધોધ અને વહેતા ઝરણાં છે. સામાન્ય રીતે સૂકો કે અર્ધસૂકો પ્રદેશ ગણાતા ગુજરાતમાં ચોમાસાની ઋતુ બેસતાં જ પ્રકૃતિ પોતાનું રૌદ્ર અને સોહામણું સ્વરૂપ ધારણ કરે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને પૂર્વ પટ્ટીના આદિવાસી અને ડુંગરાળ વિસ્તારો લીલીછમ ચાદર ઓઢી લે છે અને ખળખળ વહેતા ધોધ પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરી દે છે.

ગુજરાતમાં આવેલા આવા જ કેટલાક અતિ સુંદર, ભવ્ય અને અનુપમ સૌંદર્ય ધરાવતા જળધોધ અને ઝરણાંઓની વિસ્તૃત વિગત નીચે મુજબ છે.

**૧. ગીર ધોધ (વઘઈ, ડાંગ)** : ડાંગ જિલ્લાના વઘઈ નજીક અંબિકા નદી પર આવેલો ગીર ધોધ ગુજરાતનો સૌથી પ્રખ્યાત અને ભવ્ય ધોધ ગણાય છે. લગભગ ૭૫ થી ૮૦ ફૂટની ઊંચાઈએથી પડતો આ ધોધ ચોમાસામાં અતિ રૌદ્ર અને આકર્ષક રૂપ ધારણ કરે છે. જ્યારે અંબિકા નદીનું દૂધ જેવું સફેદ પાણી પહાડો પરથી નીચે ખાબકે છે, ત્યારે હવામાં ઊડતા પાણીના નાના બિંદુઓ અને આસાપાસની સાપુતારાની હરિયાળી ખીણો એક દૈવી વાતાવરણ ઊભું કરે છે. ધોધની આસપાસ સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ અને હસ્તકલાની બજારો આ સ્થળની રોનક વધારે છે.

**૨. નીનાઈ ધોધ (નર્મદા)** : નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના ઘાટ જંગલોની વચ્ચે આવેલો નીનાઈ ધોધ પ્રકૃતિપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે. શૂલપાણેશ્વર અભ્યારણ્યની અંદર સ્થિત આ ધોધ આશરે ૬૦ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવે છે. આ ધોધ સુધી પહોંચવાનો રસ્તો જ એટલો સુંદર છે કે પ્રવાસીઓ રોમાંચિત થઈ જાય છે. ચારેય બાજુ પથરાયેલા ગાઢ જંગલો, પહાડો અને ખીણોની વચ્ચેથી વહેતો આ ધોધ પ્રદૂષણમુક્ત અને એકાંત વાતાવરણ પ્રદાન કરે છે. અહીં ટ્રેકિંગનો આનંદ પણ અદ્ભૂત છે.

**૩. જરવાણી ધોધ (કેવડિયા, નર્મદા)** : સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) ની નજીક આવેલો જરવાણી ધોધ હાલના સમયમાં પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ધોધ પણ શૂલપાણેશ્વર અભ્યારણ્યનો જ એક ભાગ છે. જરવાણી ધોધ સુધી પહોંચવા માટે જંગલની વચ્ચેથી થઈને થોડું ચાલવું પડે છે, જે પ્રકૃતિની એકદમ નજીક હોવાનો અહેસાસ કરાવે છે. ખડકો વચ્ચેથી રસ્તો કરીને વહેતું પાણી અને પક્ષીઓનો કલરવ મનને શાંતિ આપે છે. ફેમિલી પિકનિક અને ફોટોગ્રાફી માટે આ સર્વોત્તમ સ્થળ છે.

**૪. જામજીર ધોધ (ગીર સોમનાથ)** : સૌરાષ્ટ્રના ગીર જંગલની મધ્યમાં કોડીનાર નજીક જામવાળા પાસે શિંગોડા નદી પર આવેલો જામજીર ધોધ ગુજરાતના અન્ય ધોધ કરતા સાવ અલગ છે. આ ધોધ ખૂબ ઊંચો નથી, પરંતુ તેનો ફેલાવો અને ખડકોની રચના અદ્ભુત છે. પથરાળ જમીન અને કુદરતી ખડકોમાંથી રસ્તો કરીને પાણી પછડાટ સાથે નીચે પડે છે. ચોમાસામાં આ ધોધનો પ્રવાહ એટલો તીવ્ર હોય છે કે તેનો ગડગડાટ દૂર-દૂર સુધી સંભળાય છે. ગીરના શુષ્ક જંગલોની વચ્ચે આ જળધોધ એક અનોખું નજરાણું પુરું પાડે છે.

**૫. હાથણી માતા ધોધ (જાંબુઘોડા, પંચમહાલ)** : વડોદરા અને પાવાગઢની નજીક જાંબુઘોડાના જંગલોમાં આવેલો હાથણી માતા ધોધ મધ્ય ગુજરાતનો સૌથી સુંદર ધોધ છે. આ ધોધનું નામ તેની પાછળ રહેલા એક ખડક પરથી પડયું છે, જેનો આકાર બેઠેલા હાથી જેવો દેખાય છે. આશરે ૧૦૦ મીટરની ઊંચાઈએ થી હરિયાળા પહાડોની વચ્ચેથી પડતો આ ધોધ હૃદયસ્પર્શી દ્રશ્ય સર્જે છે. સ્થાનિક આદિવાસીઓ માટે આ એક પવિત્ર



VBR
V.B.R. Elect. & Engg. Co.
Gr. Flr. Inside, 27/33, Ismail Bldg., Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2.
Tel.: 2208 7739 • TF : *7724 • Mob.: 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Lauritz Knudsen
Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
Visit our EXPERIENCE ZONE for Project
1st Floor, Room No. 23, Mani Bhuwan, Pathak Wadi Corner, Lohar Chawl, Mumbai - 400 002.
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
Sensor Based
5A SWITCH
16A SWITCH
FAN SWITCH & REGULATOR
PIR MOTION SENSOR
SUR MOUNT, TULIP 12/18 W R
T5 SENSOR LED TUBE 18W
KEW SWITCHGEARS
Switch Fuse Upto 200 Amps
Fuse Switch Upto 600 Amps
Busbar Chamber Upto 1000 Amps
Onload Changeover Upto 3150 Amps
ATS Upto 630 Amps
Changeover Switch Upto 200 Amps
SUPER SWITCH GEARS
SWITCH FUSE
CHANGEOVER SWITCH
BUSBAR CHAMBER
FUSE UNIT

ધાર્મિક સ્થળ પણ છે. ચોમાસાના દિવસોમાં અહીં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠે છે.

**ગુજરાતના અન્ય નોંધપાત્ર ધોધ અને ઝરણાં જેની ગણના થાય છે તે નીચે મુજબ છે.**

**ચિમેર ધોધ (ચિકલદા)** : જે સોનગઢ, તાપીમાં આવેલ છે. ગુજરાતના સૌથી ઊંચા જળધોધમાંનો એક તે ગાઢ જંગલો વચ્ચે સ્થિત છે.

**બારમોઢા ધોધ** : આ ડાંગમાં આવેલ છે જે ટ્રેકર્સ માટે ફેવરિટ અને વણખેડાયેલું કુદરતી સૌંદર્ય ધામ છે.


**ઝાંઝરી ધોધ બાયડ** : અરવલ્લી જિલ્લામાં વાત્રક નદીના કિનારે પથરાળ કોતરો વચ્ચે વહેતો પવિત્ર ધોધ છે.

**તરમોટા ધોધ** : જે કપરાડા, વલસાડના પશ્ચિમ ઘાટના સહ્યાદ્રિ પર્વતમાળના હિસ્સા પર આવેલ છે, તે જોવું તે અદ્‌ભુત દ્રશ્ય જોયા સમું છે.

ગુજરાતના આ જળધોધ માત્ર પાણીના પ્રવાહ નથી પ્રકૃતિ અને પર્યટનોનું અનોખું સંગમ છે. તે ચોમાસાની ઋતુમાં જીવંત બનતી આખી એક ઈકો-સિસ્ટમ છે. ધોધની આસપાસ વહેતા નાના-મોટા ઝરણાં, ભીની માટીની સુંગધ, પર્વતો પર છવાયેલા ધુમ્મસના વાદળો અને વનરાજી વનસ્પતિઓ મળીને એક એવું અનન્ય પૃષ્ટભૂમિ તૈયાર કરે છે જે પ્રવાસીઓના માનસિક તણાવને પળભરમાં દૂર કરી દે છે.

ગુજરાતના આ ધોધ અને ઝરણાંઓનું અસલી સૌંદર્ય માણવાનો શ્રેષ્ઠ સમય જુલાઈ થી ઓક્ટોબર (ચોમાસા દરમિયાન અને ચોમાસા પછી તુરંત) નો છે. જો કે, તીવ્ર પ્રવાહ વખતે નદી કે ધોધના ઊંડા પાણીમાં ન જવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. જો તમે આ ચોમાસામાં ગુજરાતના આ નૈસર્ગિક સૌંદર્યને માણવા જઈ રહ્યા હોવ, તો પાણીના પ્રવાહની ઊંડાઈથી સાવચેત રહેવું અને પ્રકૃતિની સ્વચ્છતા જાળવી રાખવી એ આપણી જવાબદારી છે. P P






Virendra K. Gandhi - 9820080780 Chintan A. Desai - 9869154608

# મુંબઈ સ્થિત જળ સ્ત્રોત વિશે વિશેષ જાણકારી

**- મયૂર રજનીકાંત શાહ (ઠાસરાવાળા)**

મુંબઈના '૭ તળાવો' જે તરસ છીપાવે છે. જુઓ તેઓ શું છે, તેમનો સાચો અને રસપ્રદ ઈતિહાસ

આપણે દરરોજ સવારે ઉઠીને નળના પાણીનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ મુંબઈમાં આ પાણી ક્યાંથી આવે છે ?

જ્યારે મુંબઈના પાણી પૂરું પાડતા તળાવોની વાત આવે છે, ત્યારે આપણે ફક્ત 'તાનસા-વૈતરણ' નામ જ જાણીએ છીએ, પરંતુ આપણામાંથી ઘણા લોકો આ તળાવોના વિશાળ નેટવર્ક, તેમના રસપ્રદ ઈતિહાસ અને ત્યાંની રસપ્રદ માહિતી જાણતા નથી.

આજે આપણે આ ૭ તળાવો અને બંધોની સંપૂર્ણ કુંડળી જોવા જઈ રહ્યા છીએ જે મુંબઈને દરરોજ લગભગ ૩,૮૫૦ મિલિયન લિટર (MLD) પાણી પૂરું પાડે છે.

**૧. વિહાર તળાવ - મુંબઈનો 'પ્રથમ' જળ સ્ત્રોત:** આ તળાવ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન (બોરીવલી રાષ્ટ્રીય ઉદ્યાન) ના ગાઢ જંગલમાં, તુલસી અને પવઈ તળાવોની વચ્ચે સ્થિત છે.

**સાચો ઈતિહાસ :** આ મુંબઈનું પહેલું મોટું તળાવ છે જે મુંબઈને પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડે છે. આનું કામ બ્રિટિશ શાસનકાળ દરમિયાન ૧૮૫૬ માં શરૂ થયું હતું અને ૧૮૬૦માં પૂર્ણ થયું હતું.

**ખાસ માહિતી :** આ તળાવનો એક ભાગ મીઠી નદીના સ્ત્રોત સાથે જોડાયેલો છે. આ વિસ્તાર સંપૂર્ણપણે સુરક્ષિત ક્ષેત્ર હોવાથી, અહીં મોટી સંખ્યામાં વિશાળ માછલીઓ, સ્થાળાંતર કરનારા પક્ષીઓ અને સૌથી અગત્યનું, મગરો રહે છે. સુરક્ષા કારણોસર, સામાન્ય જનતાનો પ્રવેશ સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

**૨. તુલસી તળાવ - મુંબઈમાં બીજું એક જૂનું તળાવ :** આ તળાવ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં, વિહાર તળાવની બાજુમાં આવેલું છે.

**ઈતિહાસ અને વિશેષતાઓ :** વિહાર તળાવના નિર્માણ પછી પણ, મુંબઈની પાણીની જરૂરિયાતો પૂરી થઈ ન હતી, તેથી અંગ્રેજોએ ૧૮૭૯ માં તુલસી તળાવ બંધાવ્યું. આ મુંબઈનું બીજું સૌથી જૂનું તળાવ છે.

**ખાસ વાત :** આ તળાવનું પાણી ખૂબ જ શુદ્ધ માનવામાં આવે છે. ચોમાસા દરમિયાન જ્યારે આ તળાવ ઓવરફ્લો થાય છે ત્યારે તેનું વધારાનું પાણી વિહાર તળાવ અને આગળ મીઠી નદીમાં વહે છે. આ વિસ્તાર પણ સંપૂર્ણપણે પ્રતિબંધિત વિસ્તાર છે.

**૩. પવઈ તળાવ - મનોહર પણ ઉપેક્ષિત :** આ એક ખૂબ જ સુંદર તળાવ છે જે મુંબઈમાં પ્રખ્યાત આઈઆઈટી બોમ્બે અને હિરાનંદાની કોમ્પ્લેક્ષ પાસે આવેલું છું.

**સાચો ઈતિહાસ :** ૧૮૯૦-૯૧ માં મીઠી નદી પર બંધ બનાવીને અંગ્રેજોએ આ કુત્રિમ તળાવ બનાવ્યું હતું.

**મહત્વપૂર્ણ હકીકત :** શરૂઆતમાં આ પાણી પીવા માટે વાપરવાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ તળાવની આસપાસ માનવ હસ્તક્ષેપ અને પ્રદૂષણને કારણે, આ પાણી પીવા માટે અયોગ્ય બની ગયું. હાલમાં તેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુઓ માટે થાય છે. ૧૯૯૫ પછી કેન્દ્ર સરકારે તેને રાષ્ટ્રીય તળાવ સંરક્ષણ યોજનામાં સામેલ કર્યું. મગર અને વિવિધ પક્ષીઓ હજુ પણ અહીં જોઈ શકાય છે. આ તળાવની બાજુમાં ફરવા માટે એક સુંદર બગીચો (બગીચો વિસ્તાર) છે, જ્યાં લોકો પ્રકૃતિનો આનંદ માણી શકે છે.

**૪. તાનસા તળાવ - શુદ્ધ પાણીનો ખજાનો :** આ વિશાળ તળાવ થાણે જિલ્લાના શાહપુર તાલુકામાં મહુલી ટેકરીઓના ઢોળાવ પર આવેલું છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

KHUSHI
Financial Advisor
Guaranteed Income Planner

# Lion Dipak Vakil

**Mob. 9820513629**
**Guaranteed Income Planner**

"WE TURN ORDINARY PEOPLE INTO MILLIONAIRES AND PREVENT MILLIONAIRE FROM BECOMING ORDINARY PEOPLE"

**PROVISION FOR CHILD EDUCATION & OLD AGE PENSION GUARANTEED**

## KEY GUARANTEES

- Guaranteed Lifetime Income
- Tax-Free Benefits Sec 10(10D)
- 100% Capital Protection
- Zero Market & Economic Risk
- Zero Geo-Political Risk
- Locked Interest Rate Advantage
- Guaranteed Tax-Free Inheritance

HDFC ERGO
BAJAJ Allianz

**B/203, Jeevan Asha, M.G. Cross Rod No.4, Behind Patel Nagar, Kandivali (W), Mumbai - 67 | Email : dipakvakil@yahoo.co.in**

**સાચો ઈતિહાસ :** આ તળાવનું મુખ્ય કાર્ય ૧૮૯૨ માં અંગ્રેજો દ્વારા પૂર્ણ થયું હતું અને પાણી મુંબઈ તરફ વહેવા લાગ્યું હતું. બાદમાં, ૧૯૧૫ થી ૧૯૨૫ ની વચ્ચે જ્યારે મુંબઈની વસ્તી વધી, ત્યારે બંધની ઊંચાઈ વધારવામાં આવી અને પ્રખ્યાત 'તાનસા ટ્વીન પાઈપલાઈન્સ' (૧૮૦૦ મીમી વ્યાસની બે મોટી ચેનલો) નાખવામાં આવી.

**તાનસા અભયારણ્ય :** આ બંધ 'તાનસા વન્યજીવન અભયારણ્ય' થી ઘેરાયેલો છે. આ જંગલમાં દીપડા, જંગલી ડુક્કર, વરુ, હરણ અને સેંકડો પ્રજાતિના પક્ષીઓ રહે છે. આ વિસ્તાર ટ્રેકર્સ માટે સ્વર્ગ છે.

**૫. મોડક સાગર બંધ (મોદર સાગર/ લોઅેર વૈતરણા) :** ભારતીય ઈજનેરીનો ચમત્કાર. આ બંધ સ્વતંત્રતા પછીના સમયગાળામાં એટલે કે ૧૯૫૪ માં પૂર્ણ થયો હતો

**ઈતિહાસ અને નામ :** આ બંધ વૈતરણા નદી પર બાંધવામાં આવ્યો છે. આ બંધ મુંબઈ-મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ના પ્રખ્યાત ભારતીય મુખ્ય ઈજનેર નારાયણરાવ મોડકના માર્ગદર્શન અને અપાર પ્રયાસો હેઠળ બનાવવામાં આવ્યો હતો. તેથી, તેમના માનમાં બંધનું નામ 'મોડક સાગર' રાખવામાં આવ્યું.

**ખાસ માહિતી :** જ્યારે આ બંધ ઓવરફ્લો થાય છે, ત્યારે તેનો નિકાલ મોટા ધોધ જેવો દેખાય છે. જોકે, સલામતીના કારણોસર અને પાણીમાં મગરોની હાજરીને કારણે પૂર્વ પરવાનગી વિના અહીં પ્રવેશવાની મનાઈ છે.

**૬. મધ્ય અને ઉચ્ચ વૈતરણા :** આધુનિક મુંબઈની જીવનરેખા વૈતરણા નદી મુંબઈ માટે વરદાન રહી છે. આ નદી પર અલગ અલગ સમયે બંધ બનાવવામાં આવ્યા છે.

**ઉચ્ચ વૈતરણા :** આ બંધ નાસિક જિલ્લામાં આવેલ છે, પરંતુ તેનું પાણી પાઈપલાઈન દ્વારા મુંબઈ લાવવામાં આવે છે. આ બંધ આપણા આણંદવાળા જયંતિકાકા ગાંધીની નિગરાણીમાં બન્યો હતો.

**મધ્ય વૈતરણા (બાળાસાહેબ ઠાકરે મધ્ય વૈતરણા બંધ) :** આ બંધ ૨૦૧૨ માં મુંબઈની તરસ છીપાવવા માટે બનાવવામાં આવ્યો હતો અને પૂર્ણ થયો હતો. આ બંધ ફક્ત ૨ વર્ષમાં બનાવવામાં આવ્યો હતો, જેણે એક રેકોર્ડ બનાવ્યો હતો. આ બંધ માં મને પણ કામ કરવાનો મોકો મળ્યો હતો.

**૭. ભાટસા બંધ :** મુંબઈનો 'સૌથી મોટો' જળાશય. આ વિશાળ બંધ મુંબઈ-નાસિક હાઈવે (NH-3) પર શાહપુર અને ખારડી વચ્ચે ભાટસા અને ચોરણા નદીઓના સંગમ પર સ્થિત છે.

**સાચો ઈતિહાસ :** આ બંધ ૧૯૭૦ અને ૧૯૮૦ ના દાયકામાં તબક્કાવાર વિકસાવવામાં આવ્યો હતો.

**સૌથી મોટી હકીકત :** મુંબઈની દૈનિક પાણીની જરૂરિયાતનો લગભગ 50% ભાગ ભાટસા બંધ દ્વારા જ પૂરો પાડવામાં આવે છે એટલે કે ભાટસા બંધ વિના, મુંબઈની તરસ છીપાવવી અશક્ય હશે. આ વિસ્તાર ખૂબ જ ડુંગરાળ છે. ગાઢ જંગલોથી ઘેરાયેલો છે અને અત્યંત સુંદર છે. હાઈવે પર વાહન ચલાવતી વખતે અહીંની પ્રકૃતિની મનમોહક સુંદરતા દેખાય છે.

ટૂંકમાં...

મુંબઈને પાણી પુરું પાડતી આ 'સાત બહેનો' (વિહાર, તુલસી, પવઈ, તાનસા, મોડકસાગર, વૈતરણાં અને ભાટસા) પાછળ ઘણા ભારતીય અને બ્રિટિશ ઈજનેરોની અપાર મહેનત અને દૂરંદેશી છે. આ પાણી પર્વતોમાં ખાડા ખોદીને અને સેંકડો કિલોમીટર દૂરથી ટનલ બનાવીને આપણા ઘરો સુધી પહોંચાડવામાં આવે છે. તેથી, પાણીના દરેક ટીપાનો કાળજીપૂર્વક ઉપયોગ કરો.

PPP

BHARAT K. DOSHI
98210 27136

PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India Pvt. Ltd.**

Schneider Electric




**H.O. (Mumbai) :**

306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
**Tel. :** (+91-22) 24912634 / 24942080 / 49711049, **Mob. :** (+91) 86557 73601
**E-mail :** sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

**Regional Offices :**

**SOUTH :** #3440,Ground & First Floor, Service Road, R.P.C.Layout, Vijayanagar, Bangalore-560040.
**E-mail :** blr.sales@novatek.net.in

**EAST :** 196B, Jodhpur Park, Ground Floor, Kolkata - 700068.
**E-mail :** sales.kolkata@novatek.net.in

**Marketing Offices :** Bhubneshwar, Chennai, Guwahati, Hyderabad, Nagpur, Nashik, Tirupati, Vizag.

(CIN) U31104MH2009PTC191569

**www.novatek.net.in**

# મોક ડ્રીલ

- તંત્રી મંડળ તરફથી

આપત્તિ વ્યવસ્થાપન અને સજ્જતાની ચાવી એટલે મોક ડ્રીલ. આપણી આસપાસ કટોકટીની સ્થિતિ કે આપત્તિ ક્યારે આવી પડશે તે કહી શકાતું નથી. ભૂકંપ, આગ, પૂર કે આંતકવાદી હુમલા જેવી આકસ્મિક ઘટનાઓ વખતે ગભરાટ ફેલાવો સ્વાભાવિક છે. પરંતુ, આવા સમયે જો પૂર્વ તૈયારી હોય, તો જાન-માલનું નુકશાન નહિવત કરી શકાય છે. આ પૂર્વ તૈયારીનું સૌથી સશક્ત માધ્યમ એટલે મોક ડ્રીલ (Mock Drill)

સરળ શબ્દોમાં કહીએ તો, મોક ડ્રીલ એ કોઈ પણ સંભવિત આપત્તિનો સામનો કરવા માટે કરવામાં આવતો કાલ્પનિક કે કુત્રિમ અભ્યાસ (Slimulation) છે.

**મોક ડ્રીલ શું છે ?**

મોક ડ્રીલ એટલે વાસ્તવિક આપત્તિ જેવી જ એક કુત્રિમ સ્થિતિ ઊભી કરવી અને તે પરિસ્થિતિમાં લોકો તેમજ બચાવ ટુકડીઓ કેવી રીતે કામ કરશે તેની જીવંત પ્રેક્ટિસ કરવી. દાખલા તરીકે કોઈ શાળા કે મલ્ટિપ્લેક્સમાં આગ લાગી હોય તેવી નકલી સાયરન વગાડવામાં આવે છે. ત્યારબાદ, ત્યાં હાજર લોકો નિયત કરેલા ઈમરજન્સી એક્ઝિટ (નિકાસ દ્વાર) તરફ દોડે છે, ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ થાય છે અને એમ્બ્યુલન્સ તેમજ ફાયર બ્રિગેડ સમયસર આવીને 'ઘાયલો' ને બચાવે છે. આ આખી પ્રક્રિયાને મોક ડ્રીલ કહેવાય છે.

**મોક ડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય**

ગભરાટ ઘટાડવો એટલે મોક ડ્રીલ. અચાનક આવી પડતી આપત્તિ વખતે લોકોમાં 'પેનિક' એટલે કે ગભરાટ ઓછો થાય અને તેઓ શાંતિથી વિચારી શકે. પ્રતિભાવ સમય (Response Time) સુધારવો એટલે કે ઈમરજન્સી ટીમો (ફાયર, પોલીસ, મેડિકલ) ઘટનાસ્થળે કેટલી ઝડપથી પહોંચે છે તે ચકાસવું.

સાધનોની ચકાસણી જેમાં સંસ્થા કે ઈમારતમાં રહેલા અગ્નિશામક સાધનો (Fire Extinguishers) કે સાયરન ચાલુ હાલતમાં છે કે નહીં તેની ખાતરી કરવી. જવાબદારીનું ભાન હોવું. કટોકટીના સમયે કઈ વ્યક્તિએ શું રોલ ભજવવાનો છે (જેમ કે કોણ ફોન કરશે, કોણ ફર્સ્ટ એઈડ આપશે) તે નક્કી કરવું.

**મોક ડ્રીલના વિવિધ પ્રકારો**

મોક ડ્રીલ અલગ-અલગ સ્થળો અને સંભવિત જોખમોના આધારે આયોજીત કરવામાં આવે છે.

**ફાયર મોક ડ્રીલ** શાળાઓ, કોલેજો, હોસ્પિટલો અને મોટી કંપનીઓમાં આગથી બચવા માટે સૌથી વધુ થાય છે.

**અર્થક્વેક (ભૂકંપ) ડ્રીલ** ભૂકંપ સંભવિત વિસ્તારોમાં `Drop, Cover, and Hold On' ની પદ્ધતિ શીખવવા માટે.

**કેમિકલ લીકેજ ડ્રીલ** મોટી ઈન્ડસ્ટ્રીઝ કે કેમિકલ ફેક્ટરીઓમાં ઝેરી ગેસ લીક થાય ત્યારે લેવાતા પગલાં માટે.

**સુરક્ષા (Security) ડ્રીલ** એરપોર્ટ, રેલવે સ્ટેશન કે મોલમાં આંતકવાદી હુમલા કે બોમ્બની અફવા વખતે પોલીસ અને સ્ટાફની સજ્જતા ચકાસવા.

**મોક ડ્રીલના તબક્કા (The Execution Process)**

કોઈપણ સફળ મોક ડ્રીલ મુખ્યત્વે ચાર મહત્ત્વના તબક્કામાંથી પસાર થાય છે.

**(૧) આયોજન (Planning) :** સૌ પ્રથમ કઈ આપત્તિ માટે ડ્રીલ કરવી છે તે નક્કી કરી, એક કાલ્પનિક





# CUT SOCIETY ELECTRICITY BILLS — WITHOUT UPFRONT INVESTMENT.

**ZERO UPFRONT INVESTMENT –**
Solar installed at no cost to the society.

**LOWER COMMON AREA BILLS –**
Common electricity is cheaper from Day 1.

**GREEN & RESPONSIBLE**
Generate clean, renewable energy

**BLOCKPILOT**
Empowering Housing Societies

www.blockpilot.co
societies@blockpilot.co
Suite 802, Lodha Supremus, Opp. Lodha World Towers, Senapati Bapat Marg, Lower Parel (W), Mumbai 400 013
+91 77387 68025
Krupa Modi( Bojwala)

Follow us on:

સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં આવે છે. ઈમરજન્સી એક્ઝિટ અને સેફ ઝોન (સુરક્ષિત વિસ્તાર) નક્કી કરાય છે.

**૨. સાઈરન અથવા એલાર્મ (The Signal) :** નક્કી કરેલા સમયે ઈમરજન્સી સાયરન કે ઘંટ વગાડીને ડ્રીલની શરૂઆત કરવામાં આવે છે, જેથી લોકોને ખબર પડે કે કટોકટી ઊભી થઈ છે.

**૩. સ્થળાંતર અને બચાવ (Evacuation & Rescue) :** લોકો લાઈનબદ્ધ રીતે, દોડાદોડી કર્યા વગર સુરક્ષિત ખુલ્લી જગ્યાએ ભેગા થાય છે. બચાવ ટુકડીઓ આવીને ફસાયેલા લોકોને બહાર કાઢવાની પ્રેકટિસ કરે છે.

**૪. સમીક્ષા (Review & Feedback) :** ડ્રીલ પૂરી થયા પછી તમામ વડાઓ ભેગા મળીને ચર્ચા કરે છે, 'બહાર નીકળવામાં કેટલો સમય લાગ્યો', 'ક્યાં ભૂલ થઈ ?' અને ભવિષ્ય માટે સુધારા નોંધવામાં આવે છે.

**મોક ડ્રીલનું મહત્વ (Importance) શું છે.**

'પ્રેક્ટિસ માણસને પરિપૂર્ણ બનાવે છે', આ નિયમ આપત્તિ વ્યવસ્થાપનમાં પણ એટલો જ સાચો છે. વાસ્તવિક આપત્તિ સમયે આપણી પાસે વિચારવાનો સમય નથી હોતો, ત્યારે મોક ડ્રીલ દરમિયાન કેળવાયેલી 'મસલ મેમરી ' (Muscle Memory) આપોઆપ કામ કરી જાય છે અને સેંકડો લોકોના જીવ બચાવી લે છે. તેથી જ, દરેક શાળા, સોસાયટી અને વ્યવસાયિક એકમોમાં વર્ષમાં ઓછામાં ઓછી બે વાર મોક ડ્રીલ થવી અનિવાર્ય છે. આપત્તિને આપણે રોકી શકતા નથી, પણ મોક ડ્રીલ દ્વારા આપણી સજ્જતા વધારીને તેની અસરને ચોક્કસપણે નબળી પાડી શકીએ છીએ. PPP

20 % DISCOUNT

DR. SPINA MEHTA CHOKSI

THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

Our services :

- Implant
- Smile Designing / Cosmetic Dentistry
- Child Dental Care
- Wisdom Tooth Extraction
- Root Canal Treatment
- Teeth Whitening
- Orthodontic Braces - Invisalign
- Full Mouth Rehabilitation

Number : 9819611045 / 9833250129

*Shifted To*

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

# Mukti Eye Care



## Eye surgery & Laser Centre

Precision vision, compassionate care

**Dr. Mukti Shah**


**( D/O Shree Nilesh Rameshchandra Shah Nagarsheth)**




Ophthalmologist, Eye specialist
M.B.B.S, DNB Ophthalmology
FICOphth (London U.K.), FMRHVD
Cataract & Refractive surgeon



**Scope of services :-**



- Comprehensive computerised eye testing
- Cataract surgery (Phaco/ Premium IOL)
  Advanced Microsurgical Precision
- Lasik/ Laser Vision correction
- Diabetic/ Hypertensive Retinopathy treatment/injections
- Retinal Lasers
- Glaucoma treatment
- Dry Eyes treatment
- Pediatric Eye Care



**"Advanced Eye Care with Latest Technology & Personalized Attention"**

**Address :-**
Mukti eye care,
Shop no. 24, Rughani Palace 1C, Ground floor,
Shantilal Modi Road, Iraniwadi, near Asian bakery,
kandivali west, Mumbai 400067

**Timings :-**
Monday to Saturday
5 pm to 9 pm
Sunday on Appointments

**+91 9653392265** drmuktieyecare@gmail.com

drmuktishah.eyedoc

Mukti Eye Care - Dr. Mukti Shah

"Scan to Find Us on Google & Book Appointment"

"Book Your Eye Check-up Today"

Clear Vision Starts Here

# મોંઘવારીનો માર

- નિલેશ નવીનચંદ્ર દેસાઇ (તેલવાળા)

એ વર્તમાન સમયની એક એવી વૈશ્વિક અને સ્થાનિક સમસ્યા છે, જે સમાજના દરેક વર્ગને ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગને સીધી અસર કરે છે. જ્યારે વસ્તુઓ અને સેવાઓની કિંમતોમાં સતત અને નોંધપાત્ર વધારો થાય છે, ત્યારે નાણાંની ખરીદ શક્તિ (Purchasing Power) ઘટી જાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, જે વસ્તુ ખરીદવા માટે પહેલાં જેટલા પૈસા ચૂકવવા પડતા હતા, હવે તેનાથી વધુ પૈસા ચૂકવવા પડે છે.

મોંઘવારી વધવાના મુખ્ય કારણોમાં કોઈ એક પરિબળ જવાબદાર હોતું નથી, પરંતુ તે આર્થિક અને વૈશ્વિક પરિસ્થિતિઓનું મિશ્રણ છે. જ્યારે બજારમાં કોઈ વસ્તુની માંગ (Demand) વધારે હોય પરંતુ તેનો પુરવઠો (Supply) ઓછો હોય, ત્યારે તેની કિંમતો આપોઆપ વધી જાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ (પેટ્રોલ-ડીઝલ), ગેસ અને અન્ય કાચા માલના ભાવ વધવાથી ઉત્પાદન ખર્ચ અને પરિવહન ખર્ચ (Transportation Cost) વધી જાય છે, જે આખરે ગ્રાહકો પર ટ્રાન્સફર થાય છે. કમોસમી વરસાદ, દુષ્કાળ કે પૂર જેવા કારણોસર જ્યારે પાક નિષ્ફળ જાય છે, ત્યારે શાકભાજી, અનાજ અને કઠોળ જેવા જીવન જરૂરી ખાદ્ય પદાર્થોની તંગી સર્જાય છે અને તેના ભાવ આસમાને પહોંચે છે.

જો આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલરની સરખામણીએ રૂપિયાનું મૂલ્ય ઘટે, તો વિદેશથી આયાત કરવામાં આવતી વસ્તુઓ (જેમ કે ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી અને તેલ) મોંઘુ બને છે. કેટલીકવાર વેપારીઓ દ્વારા કુત્રિમ અછત ઊભી કરવા માટે માલનો સંગ્રહ કરવામાં આવે છે, જેના કારણે બજારમાં ભાવ વધે છે.

મોંઘવારીની અસર માત્ર ખિસ્સા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે જીવન ધોરણને પણ પ્રભાવિત કરે છે. ઘરના રસોડાથી લઈને બાળકોની ફી, તબીબી ખર્ચ અને મુસાફરીના ખર્ચમાં વધારો થતાં મધ્યમ વર્ગનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ જાય છે. આવક મર્યાદિત હોય અને ખર્ચ સતત વધતો રહે, ત્યારે લોકો ભવિષ્ય માટે બચત (Saving) કરી શકતા નથી. આર્થિક સંકડામણને કારણે પરિવારોમાં તણાવ અને ચિંતાનું વાતાવરણ ઊભું થાય છે.

ઉત્પાદન ખર્ચ વધવાને કારણે ઉદ્યોગોનો નફો ઘટે છે, જે ક્યારેક કર્મચારીઓની છટણી અથવા રોજગારીની તકોમાં ઘટાડા તરફ દોરી જાય છે. આ સમસ્યાને સંપૂર્ણપણે નાબૂદ કરવી અશક્ય છે, પરંતુ યોગ્ય આર્થિક નીતિઓ દ્વારા તેને નિયંત્રણમાં રાખી શકાય છે.

સરકારી અને બેંકિંગ સ્તરે પગલાં લેવામાં આવે છે, જેમ કે ભારતમાં RBI વ્યાજ દરોમાં (Repo Rate) વધારો કરીને બજારમાં નાણાંનો પ્રવાહ ઘટાડે છે, જેથી માંગ નિયંત્રિત થાય અને ભાવ સ્થિર બને. સરકાર પેટ્રોલ-ડીઝલ કે અન્ય જરૂરી વસ્તુઓ પર એક્સાઈઝ ડ્યુટી કે વેટ (VAT) ઘટાડીને સામાન્ય જનતાને તાત્કાલિક રાહત આપી શકે છે. ગેરકાયદેસર રીતે માલ ભરી રાખતા વેપારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી થાય છે.

આપણે વ્યક્તિગત સ્તરે બિનજરૂરી કે મોજ શોખના ખર્ચાઓ ટાળીને માત્ર અનિવાર્ય વસ્તુઓ પાછળ જ ખર્ચ કરવો જોઈએ. નાણાંને માત્ર સેવિંગ્સ એકાઉન્ટમાં રાખવાને બદલે મ્યુચ્યુઅલ ફંડ, સોનુ કે ફિક્સ્ડ ડિપોઝિટ જેવા સાધનોમાં રોકાણ કરવું જોઈએ જે મોંઘવારી દર (Inflation Rate) કરતાં વધુ વળતર આપી શકે.

મોંઘવારી એ વિકાસશીલ અર્થતંત્રનો એક હિસ્સો છે,

પરંતુ જ્યારે તે મર્યાદા બહાર જાય ત્યારે તે ચિંતાનો વિષય બને છે. સરકારની સચોટ નીતિઓ અને નાગરિકોની આર્થિક સમજાદારી જ આ પરિસ્થિતિ સામે લડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.

મોંઘવારીની સામાન્ય માણસના જીવન પર પડતી અસરને રજૂ કરતી એક સરળ અને હૃદયસ્પર્શી કવિતા અહીં પ્રસ્તુત છે...

આવક છે નાની ને ખર્ચા છે ભારે,
સામાન્ય માણસ જીવે ક્યા આધારે ?
શાકભાજીના ભાવ તો આભને આંબે,
ખીસું અમારું હવે ક્ષણ-ક્ષણ હાંફે !
તેલ, દાળ ને લોટના ભાવ વધતા જાય,
બજેટ ઘરનું દર મહિને ખોરવાઈ જાય.
સવારની ચા માં હવે ગળપણ ઓછું લાગે,
મોંઘવારી જોઈને આખો દેશ જાગે,
બાળકોની ફી અને દવાનો આ ખર્ચો,
જાણે કાળજામાં વાગતો તીખો મરચો,
પગાર વધે છે જાણે કીડીની ચાલે,
ને મોંઘવારી તો રોકેટ થઈને મ્હાલે,
સ્વપ્નો બધા હવે કબાટે પુરાયા,
જરૂરિયાતો પાછળ અમે થાકીને હાર્યા,
હે ઈશ્વર હવે તો કંઈક તું કરજે મરમ,
મોંઘવારીના આ મારમાંથી ઉગારજે તું અમને !

છેલ્લે એટલું જ કહેવાનું કે, મોંઘવારી ગમે તેટલી વધે, પણ એક સામાન્ય માણસની હિંમત અને સંઘર્ષ કરવાની તાકાત ક્યારેય ઓછી થતી નથી.

PPP


।। શ્રી વલ્લભ ।।

**SHREEJI AROMA**

**પુષ્ટિમાર્ગ સુગંધ ઋતુ પ્રમાણે**

**ઉષ્ણકાલ (માર્ચ થી જુન)**
ગુલાબ, રુહ ગુલાબ, મોગરા, ખસ,
જુઈ, ચંપા સોંધો, બોરસલી, વ્રજસૌરભ

**વર્ષાઋતુ (જુન થી ઓક્ટોબર)**
કદંબ, કેવડા, પાનડી, માટી, સોંધો

**શીતકાલ (ઓક્ટોબર થી જાન્યુઆરી)**
હીના, અંબર, કસ્તુરી, કેસર, સોંધો

**ફાગણ (ફેબ્રુઆરી થી માર્ચ)**
કેસર, સોંધો, ગુલાબ, વ્રજસૌરભ

**બારેમાસ ધરવા માટે**
ગુલાબ, મોગરા, સોંધો, વ્રજસૌરભ, બરાસ

**Rohitbhai : 9819627744**
138 ,Princess Street, Govind Building, Mumbai - 400002
Website : www.shreejiaroma.com
Email : info@shreejiaroma.com/sales@shreejiaroma.com



।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**: ઘરનું સરનામું :**
૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન,
ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.

## ૪૦ મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના

સોસાયટીના તમામ માનનીય શેયર હોલ્ડરને હર્ષ સાથે જાણ કરવામાં આવે છે કે વાડાસિનોર પ્રગતિ સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. ની ૪૦ મી વાર્ષિક સામાન્ય સભા નીચે મુજબ યોજાનાર છે.

**તારીખ : બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬, સાંજે ૬.૦૦ વાગે**

**સ્થળ : સોસાયટીની રજીસ્ટર્ડ ઓફિસ, બાલકૃષ્ણ કૃપા, ૧ લે માળે, ૪૫/૪૯ બાબુ ગેનું રોડ, ઓફ. કાલબાદેવી રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨**

સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ ના વહીવટી, નાણાકીય તથા વિકાસલક્ષી કાર્યો અંગે ચર્ચા તથા જરૂરી ઠરાવો મંજૂર કરવામાં આવશે.

### -: : સભાના મુખ્ય કાર્યો : :-

- **અગાઉની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીનું અનુમોદન**
- **વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના વાર્ષિક અહેવાલની મંજૂરી**
- **ઓડિટેડ હિસાબો, બેલેન્સ શીટ તથા ઓડિટ રિપોર્ટની મંજૂરી**
- **નફાની ફાળવણી અને ડિવિડન્ડ અંગે નિર્ણય**
- **વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઓડિટરોની નિમણૂંક**
- **વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર (બજેટ) ની મંજૂરી**
- **અન્ય જરૂરી વહીવટી તથા વ્યવસ્થાપકી બાબતો પર વિચારણા**

### મહત્વપૂર્ણ સૂચના :

સભા માટે જરૂરી ક્વોરમ ઉપલબ્ધ ન હોય તો અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવશે અને ત્યારબાદ તે જ સ્થળે ફરીથી યોજાશે.

**સહકાર - વિશ્વાસ - પ્રગતિ**

**વ્યવસ્થાપક સમિતીના આદેશથી**


**કાર્તિકેય આર. કડકીઆ - અધ્યક્ષ**

# HAST MELAPP GARMENTS

**YOUR ONE-STOP ETHNIC WEAR DESTINATION FOR FAMILIES**

Target Mall, Ground Floor Shop Number 4,5,7,8, First Floor Shop Number 3,4,5,6,7,8, Opposite Raj Mahal Hotel, Chandavarkar Road, Borivali West, Mumbai:400092. Mob No. +91 9167837851.

**WE PROUDLY SHARE OUR ASSOCIATION AND PARTICIPATION WITH RENOWNED PERSONALITIES**


AISHWARYA MAJMUDAR - GARBA PRINCESS


NESCO NAVRATRI - PARTHIV GOHIL


KINJAL DAVE - GARBA QUEEN

**આપણા બાલાસિનોર અને માનવંતા ગ્રાહકો માટે!**

**BUY 1 GET 1 FREE**

ON DGITAL KURTAS


NILESH THAKKAR-KING OF RAAS GARBA


ATHARVA FOUNDATION PRESIDENT & MLA SUNIL RANE- KHADI MOHTSAV

**UPTO 50% OFF**

T&C

CELEBRATE YOUR TRADITION IN EVERY STYLE—PARTY, CASUAL, OR FESTIVE WEAR! Hastmelapp


R K ENGINEERING PVT. LTD.
Business without Boundaries
25th ANNIVERSARY ABB
AUTHORISED DISTRIBUTOR
ABB
Medium / Low Voltage Switchgear
ABB
EV Charging Solutions
Electric Vehicle Charging
ABB
Variable Frequency Drives
Variable Frequency Drives
ELMEASURE
Smart Monitoring , Controlling , Networking
elmex
Terminals, Cts, Panel Products
finder
Relays, Energy Meters, Timers, Spd
ESSEN
Micro Switches, Panel Indication Lamp
socomec
Automatic Transfer Switches, Change Over Switches, Meters, Ups
TEKNIC
Panel Indication Lamps, Rotary Switches, Plugs And Sockets
Gala No 36, Building No 3, Mittal Indl. Estate, Andheri Kurla Road, Opp. Times Square. Andheri (E), Mumbai - 400 059.
B/24, Sujal Mansion, Bhangwadi, kalbadevi Road, Mumbai - 400 002.
+91 9820140077 / +91 9820045111 / +91 9820597149
dhrutan@gmail.com / sales@rkepl.co.in
www.rkepl.co.in

With Best Compliments From

Arvind Parikh     Bhavik Parikh

ESSEN ELECTRICAL ENTERPRISE

SCAME INDIA
electrical solutions

legrand
LIVE THE ADVANTAGE

OBO BETTERMANN

MK
by Honeywell

RR KĀBEL

APAR
Tomorrow's solutions today

Soharab Building, Shop No. 3 & 4, 501 Kalbadevi Road, Opp. Edward Cinema, Mumbai-400002.
Tel.: 022-2201 0018 / 2206 4726 • Mob.: 9967516302 • Email : essenelec@gmail.com

લઘુકથા

# સંબંધોની અસ્મિતા

- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

વીસ વર્ષ સુધી, મારા આખા પરિવારે મારા કાકા સાથે એક નકામા બોજ (પરોપજીવી) જેવો વ્યવહાર કર્યો. જે દિવસે તેમનું અવસાન થયું, અમે બસ તેમનો સામાન પેક કરવાના જ હતા, પરંતુ જ્યારે અમે તેમની જૂની સૂટકેસ ખોલી, ત્યારે અમે બધા દંગ રહી ગયા. અંદર એક એવી હકીકત હતી જે તેમના જીવતા જીવ અમે જાણવાને લાયક ન હતા.

જે દિવસે રમેશ કાકા મારે ઘરે આવ્યા, ત્યારે હું માત્ર દસ વર્ષનો હતો. એક પાતળો, દુબળો માણસ, સ્ક્રેચવાળા ચશ્મા પહેરેલો, માત્ર એક ફિક્કી પડેલી જૂની સૂટકેસ લઈને આવ્યો હતો. કોઈ મિલકત નહીં, પત્ની નહીં, બાળકો નહીં, કોઈ પાકી નોકરી નહીં. તેમણે મારા પિતાને કહ્યું,

'મને થોડા મહિના અહીં રહેવા દો. જ્યારે મને નોકરી મળી જશે, ત્યારે હું જતો રહીશ.' થોડા મહિના..... વીસ વર્ષમાં ફેરવાઈ ગયા.

એ વીસ વર્ષોમાં, તેઓ ઘરમાં ભાગ્યે જ કોઈ પૈસા લાવ્યા. જ્યારે તેમની તબિયત સારી હોય ત્યારે તેઓ નાના-મોટા કામ કરતા, ઘડિયાળો રિપેર કરવી, વેલ્ડિંગ કરવું, કન્સ્ટ્રક્શનનું કામ.... પરંતુ થોડા અઠવાડિયા પછી તેઓ ફરીથી બિમાર પડી જતા. તેમના સાંધામાં સોજો રહેતો, પીઠમાં દુઃખાવો થતો અને તેમની ઉધરસ લાંબા સમય સુધી ચાલતી. ક્યારેક ક્યારેક તો તેઓ આખો મહિનો પથારીવશ રહેતા.

મારી માતા સ્પષ્ટ રીતે તેમનાથી નારાજ રહેતી

'લોકો સાઠ વર્ષ સુધી જીવે છે અને છતાં બીજા પર નિર્ભર રહે છે. આ ઘર તો બસ એક જીવતી લાશને ખવડાવી રહ્યું છે.'

'કેવા માણસ છે જે આખો દિવસ સૂઈ જ રહે છે ? તે વીજળી અને પાણીના બિલ પણ ભરી શકતો નથી.'

હું આ કડવા શબ્દો સાંભળીને જ મોટો થયો.

તેઓ વધારે વાત નહોતા કરતા, પરંતુ જ્યારે પણ હું સ્કૂલેથી ઘરે આવતો, ત્યારે તેઓ હંમેશા ધીમેથી પૂછતા :

'આજે સ્કૂલમાં મજા આવી ?'

'શું કોઈએ તને હેરાન કર્યો ?'

'પરીક્ષા પછી તારું રિઝલ્ટ મને બતાવજે હોં'

પરંતુ હું હંમેશા તેમનાથી દૂર જ રહેતો. મેં એટલી બધી વાર સાંભળ્યું હતું કે,'રમેશ કાકા એક બોજ છે,' કે મને પણ ખાતરી થઈ ગઈ હતી કે આ જ સત્ય છે.

વર્ષો વિત્યા, હું કામે લાગ્યો, મારા લગ્ન થઈ ગયા. તેઓ હજુ પણ ત્યાંજ હતા. પેલી જૂની સૂટકેસ હજુ પણ કબાટના ખૂણા પાસે પડી હતી. દરરોજ સવારે ચા બનાવવી, ધીમો શ્વાસ લેવો અને પછી ખાંસી ખાવાની તેમની આદત હજુ પણ એવી જ હતી. પરિવારમાં સૌને લાગતું હતું કે તેઓ મરતા સુધી આવા જ રહેશે.

જે દિવસે તેમનું મૃત્યુ થયું, તે દિવસે ખૂબ જ ભારે વરસાદ પડી રહ્યો હતો. બપોરે મારી પત્નીએ ઓફિસથી ફોન કર્યો : 'સાંભળો, રમેશ કાકા રસોડામાં પડયા છે અને ઊભા નથી થઈ શકતા.'

હું નીચે ગયો અને જોયું કે તેઓ દીવાલના ટેકે ઢળી પડયા છે, આંખો બંધ છે, અને નબળા શ્વાસ લઈ રહ્યાં છે. ફ્લોર પર દાળિયાનો એક વાટકો પડયો હતો જે તેમણે હજુ સુધી ખાધો ન હતો, તેમાંથી હજુ પણ વરાળ નિકળી રહી હતી.

તેમણે આંખો ખોલી અને કહેવાનો પ્રયાસ કર્યો :

'એમ્બ્યુલન્સ........ ના બોલાવતો. મને .... થોડો આરામ કરવા દે......'

પરંતુ મેં તેમની વાત ન સાંભળી, અને તેમને હોસ્પિટલ લઈ જવા માટે એક ટેક્સી બોલાવી. તેમણે મારો હાથ પકડયો અને ગણગણ્યા :

'મને ડર લાગે છે.... કે હું પાછો નહીં આવું......'

મેં પરાણે સ્મિત આપતા કહ્યું :

'તમે પાછા આવશો કાકા'

પરંતુ તેઓ ખરેખર પાછા ન આવ્યા. તેઓ શાંતિથી મૃત્યુ પામ્યા, બરાબર એવી જ રીતે જેમ તેઓ વીસ વર્ષ સુધી જીવ્યા હતા. અંતિમ સંસ્કાર પછી, મારી માતાએ નિસાસો નાખ્યો:

'ચાલ એમનો સામાન પેક કરી લે. કોઈ તેનો ઉપયોગ નહીં કરે.'

હું તેમના રૂમમાં ગયો. તે રૂમ નાનો, સાંકડો હતો, અને તેમાંથી ચા અને દવાની વાસ આવી રહી હતી. પેલી જૂની સૂટકેસ હજુ પણ ખૂણામાં જ હતી.

મેં તેને ઉપાડવાનો પ્રયાસ કર્યો..... તે મારી ધારણા કરતા ઘણી ભારે હતી.

મારી પત્ની મારી બાજુમાં ઉભી હતી :

'આમાં કદાચ બધો કચરો જ હશે, બસ તેને ફેંકી દો.'

વીસ વર્ષ સુધી, તેમણે ક્યારેય કોઈને એ સૂટકેસ અડવા નહોતી દીધી. દર વખતે જ્યારે તેઓ રૂમ સાફ કરતા, ત્યારે તેઓ તેને જાતે જ પલંગ પર મૂકતા અને દરેક ખૂણાને કોઈ ખજાનાની જેમ સાફ કરતા.

મેં બે લોખંડના તાળા ખોલ્યા..... એક સૂકો 'ક્લિક' અવાજ આવ્યો. સૂટકેસનું ઢાંકણું ખૂલ્યું.....

અને હું દંગ રહી ગયો.

**વાર્તાનો આગળનો ભાગ અને કરૂણ અંત**

સૂટકેસની અંદર કોઈ જૂના કપડાં કે કચરો ન હતો. અંદર કાળજીપૂર્વક પ્લાસ્ટિકમાં વીંટાળેલા પૈસાના થોકડા, જૂની બેંકની પાસબુકો અને એક જાડી ડાયરી હતી.

પૈસાના દરેક બંડલ પર કંપાતા હાથે અને ઝાંખી પડી ગયેલી શાહીથી કંઈક લખેલું હતું. એક કવર પર લખ્યું હતું,'મારા ભત્રીજાની કોલેજની ફી માટે', બીજા પર લખ્યું હતું, 'તેના લગ્નના ખર્ચ માટે' અને એક નાના પરબીડિયા પર લખ્યું હતું,'તેની પહેલી ગાડીના ડાઉનપેમેન્ટ માટે.'

મેં ધ્રુજતા હાથે પેલી જૂની ડાયરી ખોલી. પહેલાં જ પાને જે લખ્યું હતું તે વાંચીને મારા પગ નીચેથી જમીન સરકી ગઈ.

**ડાયરીના પાનાનું સત્ય :**

કાકાએ વીસ વર્ષ પહેલાં લખ્યું હતું,'આજે મેં આ ઘર મારા ભાઈ (મારા પિતા) ના નામે કરી દીધું છે. તેનો વેપાર ડૂબી ગયો હતો અને જો હું આ ઘર તેને ન આપત, તો મારો ભત્રીજો રસ્તા પર આવી જાત. હું તો એકલો છું, મારું શું ? આ ઘરમાં મને એક ખૂણો મળી જશે તોય ઘણું છે. મેં ભાઈને વચન આપ્યું છે કે હું આ વાત કોઈને નહીં કહું, જેથી તેનો પરિવાર તેની ઈજ્જત કરતો રહે.' મારો શ્વાસ રૂંધાવા લાગ્યો. જે માણસને અમે વીસ વર્ષ સુધી ભિખારી અને પરાવલંબી સમજ્યા, તે વાસ્તવમાં આ ઘરનો અસલી માલિક હતો.

બીજા એક પાના પર લખ્યું હતું,'મારા સાંધા અને પીઠનો દુ:ખાવો વધતો જાય છે. ડૉક્ટરે ઓપરેશન કરવાનું કહ્યું છે, પણ જો હું મારા ઓપરેશન પાછળ પૈસા ખર્ચીશ, તો મારા ભત્રીજાને ભવિષ્ય માટે હું જે બચત કરી રહ્યો છું તે ખલાસ થઈ જશે. હું મારી દવાઓ ઓછી કરી રહ્યો છું જેથી થોડા પૈસા બચાવી શકું. ભાભી મને બોલે છે ત્યારે દુ:ખ થાય છે, પણ હું ચૂપ રહું છું, કારણ કે મારો ભત્રીજો ખુશ છે.'

તેઓ જે નાના-મોટા કામ કરતા, તેમાંથી બચાવેલો એક-એક રૂપિયો તેમણે મારી ખુશી માટે આ સૂટકેસમાં ભેગો કર્યો હતો. તેમણે પોતાના જીવના ભોગે મારી જિંદગી સુધારી હતી.

**પસ્તાવાની આગ :**

મારી માતા, જે હંમેશા તેમને 'જીવતી લાશ' કહેતી હતી, તે આ ડાયરી વાંચીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. તે જમીન પર બેસી ગઈ અને કાકાના ખાલી પલંગને પકડીને રડતી માફી માંગવા લાગી,'હું કેટલી પાપી છું..... મેં ભગવાન જેવા માણસને આખી જિંદગી મેણાં માર્યા....'

મારી પત્નીની આંખોમાંથી પણ ચોધાર આંસુ વહી રહ્યા હતા.

મને યાદ આવ્યું કે કેવી રીતે તેઓ હંમેશા મારા અભ્યાસ વિશે પૂછતા હતા, અને હું તેમને ટાળી દેતો હતો. આજે એ સૂટકેસમાંથી માત્ર પૈસા નહોતો નીકળ્યા, પણ એક એવો નિ:સ્વાર્થ પ્રેમ બહાર આવ્યો હતો જેને અમે ક્યારેય સમજી ન શકયા.

મારા પાસે હવે બધું જ હતું - સારું ઘર, નોકરી પૈસા... સિવાય કે એ કાકા, જેમને હું એકવાર પણ પ્રેમથી ભેટી શક્યો નહીં, એકવાર પણ 'થેન્ક યુ' કહી શક્યો નહીં. એ જૂની સૂટેકસ અને તેની અંદર રહેલું સત્ય હવે અમારા આખા પરિવાર માટે જીવનભર ક્યારેય ન મટે એવો પસ્તાવો બની ગયા હતા. X✳✳

# MAHATMA GANDHI CHARITABLE TRUST - VERASA

**PAN No. AAATM5482E**
**Contacts: Anu Sheth: 10, Krishna Kunj, 29/30 K.M. Munshi Marg, Mumbai 400 007**
**+91 9212 34313; Email: anusheth@gmail.com**
**Rajendra Desai: +91 9820080194; Email: rkdesai1951@gmail.com**
**Pinky Parikh: +91 9322219688; Email: pinkyviral04@yahoo.com**

Mahatma Gandhi Charitable Trust was founded by Navnitlal Shah (Jhaat) in 1998 to help the Adivasi community. He started the activities by funding the primary school in Verasa. Since then, we have expanded our activities to six other primary schools in nearby villages. We give uniforms, school bags, note books, text books, pens, pencils, educational and sports equipment to the children of all the schools and anything they may require to help them in their studies.

*A medical camp for the children is held twice a year,* **courtesy of KMG Hospital** in Balasinor and medications are given to the children where necessary.

We continue to help students, who wish to study further, in any way they require. **This is one of our main aims – to see that the children can continue their education and gain meaningful employment, so as to better their lives.** In addition to supporting the children in our schools, we also extend our help to deserving students from other schools in Balasinor.

**Rs. 5,000 per year covers the cost of one child in the schools**. If they wish any donor can specify the purpose for which the donation should be used., for a child in the school, children who have gone on to study further, etc.

We appreciate and thank all the donors who donated after reading our last article in JYOTIPUNJ.
We hope that more people will donate generously for the betterment of these underprivileged children.

All donations to our Trust are exempted under Section 80-G, and can be given by cheque in the name of MAHATMA GANDHI CHARITABLE TRUST, or by direct bank transfer to:
MAHATMA GANDHI CHARITABLE TRUST
Punjab National Bank A/c No 1128010043486,
IFSC PUNB0112820

Anu Sheth (President)

Anu G. Sheth

જા. x ખ.

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

## બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં

## માહે મે - ૨૦૨૬ તથા જુન - ૨૦૨૬ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

(લાભાર્થી)

| | | | મે-૨૬ | જુન-૨૬ |
|---|---|---|---|---|
| ૧. | શાંતાબેન અને કાંતીલાલ લાલચંદ દોશી | મેડીસીન વિભાગ | ૫૩૨૧ | ૫૩૫૮ |
| | (તેમજ દવાની કુલ માફી મે-૨૬ રૂા. ૯,૯૫,૦૭૪/-, જૂન-૨૬ - રૂા. ૯,૬૩,૯૫૭/-) | | | |
| ૨. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૪૬૭ | ૨૪૭૨ |
| ૩. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ | ૬૧૬ | ૫૮૩ |
| ૪. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૬૨૬ | ૬૩૦ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૭૩ | ૪૯ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૫૬૯ | ૪૭૧ |
| ૭. | શ્રી પૂનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૧૬૪ | ૧૩૦ |
| ૮. | શ્રીમતી ઈચ્છાબેન ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) | મોબાઈલ વિભાગ | ૧૩૯ | ૨૮૬ |
| **મળીને બે માસના કુલ ૯૧૪૫ દર્દીઓએ ઓ.પી.ડી. માં લાભ લીધેલ છે.** | | | | |
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ | એક્સરે વિભાગ | ૩૭૭ | ૩૫૫ |
| ૧૦. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૧૩૪ | ૧૪૬ |
| ૧૧. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૬૨૯ | ૪૪૦૮ |
| ૧૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ ડ્રેસીંગ | ૨૦૬ | ૧૪૨ |
| ૧૩. | શ્રીમતી મંજુલાબેન રજનીકાંત શાહ (નગરશેઠ) | ઈન્ડોર વિભાગ | ૭૮૯ | ૬૪૮ |

તેમજ મે-૨૦૨૬ ના માસના ઈ.સી.જી. ૨૯૮, સર્જનના મેજર ૧૮ ઓપરેશન તથા ૨૪ માઈનોર ઓપરેશન અને ગાયનેકના ૧૫ મેજર ઓપરેશન, ૦૨ માઈનોર તથા ઈ.એન.ટી. ના ૩૫ માયનોર તેમજ જુન-૨૬ માસમાં સર્જનના મેજર ૧૧ ઓપરેશન તથા ૨૪ માઈનોર ઓપરેશન અને ગાયનેકના ૧૬ મેજર ઓપરેશન, ૦૫ માઈનોર તથા ઈ.એન.ટી.ના ૪૪ માયનોર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ માહે મે-૨૬ ના માસમાં દવાની કુલ માફી રૂા. ૯,૯૫,૦૭૪/- તેમજ ઈન્ડોરમાં રૂા. ૩૩,૬૭૦/- ની માફી તેમજ ઓ.પી.ડી. માં (લેબ, એક્ષરે, ઓક્સીજન વિભાગ) રૂા. ૨૬,૬૦૫/- ની માફી મળીને કુલ્લે રૂા. ૧૦,૨૨,૨૧૭/- ની માફી કરવામાં આવેલ છે. બે માસમાં કુલ રૂા. ૨૦,૭૭,૫૬૬/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ:** માહે મે-૨૦૨૬ ના માસમાં ૩૦ દર્દીઓ તથા જૂન-૨૦૨૬ ના માસમાં ૬૦ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

**(૨) મણીબેન મોહનલાલ શાહ(વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઇકોકેમ્પ :** માહે મે-૨૦૨૬ ના માસમાં માં કુલ ૪૬ દર્દીઓના તથા જુન-૨૦૨૬ માસમાં કુલ ૭૩ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ છે.

**(૩) શ્રીમતી જશુમતીબેન કિર્તનલાલ કડકીઆ અને કાલિંદી રાજેશ કડકીઆ ઈ.સી.જી. (કાર્ડીઓગ્રામ) કેમ્પ :** માહે મે-૨૦૨૬ ના માસમાં ૨૨૦ ઈ.સી.જી. તથા જુન-૨૦૨૬ ના માસમાં ૨૨૨ ઈ.સી.જી. રાહત દરે કરવામાં આવેલ છે. કુલ રૂા. ૨૨,૧૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

- (૪) શ્રી શશીકાંતભાઈ સાકરલાલ શાહ (નાણાવટી) અને શ્રીમતી અનસુયાબેન શશીકાંતભાઈ (નાણાવટી) ઓર્થોપેડીક કેમ્પ : તા. ૧૦-૬-૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ઓર્થોપેડીક ડૉ. હર્ષિલ શાહે સેવાઓ આપેલ. કુલ ૨૨ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ.
- (૫) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ : તા. ૨૫-૬-૨૦૨૬ ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ડૉ. જયપ્રકાશ પટેલે સેવાઓ આપેલ. કુલ ૨૬ દર્દીઓનું ફ્રી નિદાન કરવામાં આવેલ. તે પૈકી જરૂરિયાતવાળા ૨૪ દર્દીઓના પેથોલોજી ટેસ્ટના રૂા. ૬,૨૪૦/- ફ્રી કરવામાં આવેલ. તેમજ ૨૫ દર્દીઓને રૂા. ૯,૦૭૦/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ.
- (૬) સ્ત્રી વંધ્યત્વ અને ટેસ્ટ ટ્યુબ બેબી કેમ્પ : તા. ૨૭-૬-૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં સામવેદ આઈ.વી.એફ. હોસ્પિટલ, ગોધરાના આઈ.વી.એફ.ના નિષ્ણાંત ડૉ. ચિરાયુસિંહ પરમાર (M.s. Obgyn, FMAS, FRM) કન્સલટન્ટ ઓબ્સ્ટ્રેશિયન અને ગાયનેકોલોજીસ્ટ અને વ્યંધત્વના નિષ્ણાંતના સહકારથી યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૩ દર્દીઓએ લાભ લીધેલ.

## 'ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) CALIFORNIA આઈ હોસ્પિટલ

આ હોસ્પિટલમાં ઓ.પી.ડી. માં માહે મે-૨૦૨૬ ના માસ માં ૧૪૬૧ દર્દીઓએ તથા માહે જુન-૨૬ ના માસમાં કુલ ૧૬૮૧ દર્દીઓએ લાભ લીધેલ છે તથા મે-૨૦૨૬ માં આંખના ઓપરેશનો ૧૦૦ તથા જુન-૨૦૨૬ ના સમામાં આંખના ઓપરેશનો ૯૨ રાહતદરે કરવામાં આવેલ છે. તેમજ માહે મે-૨૬ ના માસમાં કુલ ૧,૩૯,૩૭૭/- ની માફી તથા માહે જુન-૨૬ ના માસમાં કુલ રૂા. ૧,૩૪,૦૦૩/- ની માફી આપવામાં આવેલ છે.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસ) માં માહે મે ૨૦૨૬ તથા જુન ૨૦૨૬ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | મે-૨૦૨૬ | જુન-૨૦૨૬ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિઝીશીયન વિભાગ | ૧૧૬૩ | ૧૧૨૦ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૧૫ | ૧૭૩ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૨૦૫ | ૧૮૩ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૩૧ | ૧૯૬ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૫૬ | ૫૭ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીષભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૧૦૮ | ૧૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | ક્રીટીકલકેર વિભાગ | ૧૫૫ | ૧૨૫ |
| ૮. | શ્રીમતી સ્વાતીબેન અને શરદભાઈ જયંતીલાલ કડકીઆ (યુ.એસ.એ.) | મેડીકલ સ્ટોર વિભાગ | ૫૨૦૯ | ૫૧૨૭ |
| ૯. | શ્રીમતી જ્યોત્સનાબેન ચંદ્રવદન દેસાઈ (કોલકત્તાવાળા) | મેડીકલ આઈ.સી.યુ. | ૬૫ | ૨૦ |

તથા બે માસના ગેસ્ટ્રોલોજી વિભાગના ૪૫, યુરોલોજીના ૦૧ તેમજ ઓન્કોલોજીના ૧૯ મળી કુલ ૪૪૮૯ દર્દીઓએ ઓપીડીમાં તથા ઈન્ડોરમાં બે માસના ૧૯૨ દર્દીઓએ, એક્ષરે ભિાગમાં મે-૨૬ માં ૨૬૨ દર્દીઓએ તથા જુન-૨૬ નના માસમાં ૨૩૮ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં મે-૨૬ ના માસમાં ૧૧૩૩ દર્દીઓએ તથા જુન-૨૬ ના માસમાં ૧૦૦૮ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં મે-૨૬ ના માસમાં ૮૦ દર્દીઓએ તથા જુન-૨૬ ના માસમાં ૬૨ દર્દીઓએ લાભ લીધેલ છે. માહે મે-૨૨૬ ના માસમાં દવાની રૂા. ૧૭,૭૫૦/- ની માફી તથા ઈન્ડોર માફી રૂા. ૨૭,૦૦૦/- તેમજ માહે જુન-૨૬ ના માસમાં દવાની માફી રૂા. ૮,૩૫૯/- મળી કુલ બે માસની કુલ રૂા. ૫૩,૧૦૯/- ની માફી કરવામાં આવેલ છે.

## શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી 'માનીકોશી' ડાયાલીસીસ સેન્ટર

ડાયાલીસીસમાં સરકારશ્રીની PMJAY યોજના હેઠળ માહે મે -૨૦૨૬ ના માસ દરમિયાન ૧૬૨ દર્દીઓએ તથા માહે જુન-૨૦૨૬ માસ દરમિયાન કુલ ૧૫૯ દર્દીઓએ લાભ લીધેલ છે. તે તમામ દર્દીઓને સરકારશ્રીની PMJAY યોજના અંતર્ગત સંપૂર્ણ માફી આપવામાં આવેલ છે.

## શ્રી કે.એમ.જી. જનરલ ટ્રસ્ટમાં નર્સીંગ કોલેજની ફી માફી માટે વધુ નોંધાયેલ દાન/વચન

## ગ્રીન્સ ફાઉન્ડેશન (USA) નર્સીંગ કોલજ સ્ટુડન્ટસ ફી રાહત યોજના

૧) સ્વ. વસંતાબેન પ્રવિણચંદ્ર દેસાઈ હસ્તે - શ્રી નિલેષભાઈ પ્રવિણચંદ્ર દેસાઈ રૂા. ૫,૦૦,૦૦૦/-

નર્સીંગ કોલેજના મકાનનું બાંધકામ પુરુ થયેલ છે. નર્સીંગ કોલેજના બાંધકામ માટે દાતાશ્રીઓ તરફથી ખુબ જ સારો પ્રતિભાવ મળેલ છે. સર્વે દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ તથા કે.એસ.પી. સુપરસ્પેશિયાલીટી સેન્ટરના વિકાસ તેમજ નિભાવ માટે વધુ દાનની રકમની આવશ્યકતા છે.

તો બાલાસસિનોરના ઉદાર દિલના સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) ભરી આજીવન સભ્ય બનવા વિનંતી.

**ખાસ નોંધ : ચ્યવનપ્રાશ મળશે**

સંપર્ક

**શ્રી નીતિન પરીખ - ૯૮૨૧૦૩૯૦૮૭** **શ્રી જતીન દેસાઈ - ૯૮૨૦૦૪૯૧૩૪**

**શ્રી જતીન દેસાઈ, શ્રી નિખિલ પરીખ– માનદ્ મંત્રીશ્રીઓ**

# Shree Balasinor Pragati Samaj

DT. : 27th June, 2026

ALL MEMBERS,

## NOTICE OF 58TH ANNUAL GENERAL MEETING

Notice is hereby given that **58th Annual General Meeting** of Shree Balasinor Pragati Samaj will be held on **Wednesday, 12-08-2026** at 6.00 pm 45/49 Babu Genu Road, Off Kalbadevi Road, Mumbai - 400 002. President **Shri Nitin Jayantilal Parikh (Bakhli)** will preside over the Chair to transact the businesses on the Agenda as follows.

### AGENDA

1. To Read, confirm and adopt the minutes of 57th A.G.M of Shree Balasinor Pragati Samaj held on 24-06-2025 & to pass the necessary resolution there of.
2. To receive, consider & adopt the Managing Committee's report for the year 2025-2026 & to pass the necessary resolution there of.
3. To receive, consider and adopt the Audited financial statements of Shree Balasinor Pragati Samaj for the year 2025 - 2026 & to pass the necessary resolution there of.
4. To appoint Auditor of the Samaj for the F. Y. 2026-2027 and to fix their remuneration.
5. To consider any other matter brought forward with the permission of the Chair.

### NOTES

1. If the meeting is adjourned for want of quorum, the same meeting will conclude after half an hour on the same day at the same venue, irrespective of quorum and transact the businesses on the Agenda.
2. Any member seeking clarification pertaining to accounts related queries and or working of the Samaj may apply to the Secretary of the Samaj only in writing on or before 25th June 2026.
3. Members are requested to carry their own copy of Annual report sent to them. Distribution of additional copies of Annual report at the venue is discontinued.

**Samir Shah / Samir Dharia / Jasmine Sheth**

**(Hon. Secretaries)**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ


સર્વ ભાઈઓ અને બહેનોને જણાવવાનું કે આજના મહા મોંઘવારી સમયે પરિવાર પર બિમારીનું આર્થિક સંકટ આવી પડે, તે સંજોગોમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તમારા અને તમારા પરિવાર માટે મેડિકલને લગતી યોજના લઈને આવ્યું છે. અમારી તમોને નમ્ર વિનંતી છે કે તમે આ યોજનાનો અવશ્ય લાભ લો.

આ યોજનાના અંતર્ગત આપણી સંસ્થા સાથે ભાટિયા હોસ્પિટલ, એશિયન હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, સૈફી હોસ્પિટલ જોડાયેલી છે. ઉપર જણાવેલી કોઈપણ હોસ્પિટલમાં તમને મેડિકલ હેલ્થ પેકેજમાં અથવા ઈન પેશન્ટ ટ્રીટમેન્ટમાં ડિસ્કાઉન્ટ જોઈતું હોય તો આપણી હોસ્પિટલાઈઝેશન આસિસ્ટન્ટ અને બેનીફીટ કમિટીના કન્વિનિયર શ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીઆનો સંપર્ક સાધવો અને શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના લેટર હેડ પર તમારે તમારો આઈ.ડી. લેટર મેળવવો જરૂરી છે ત્યારે બાદ જ તમને તેનો લાભ મળશે.

જે કોઈ વ્યક્તિને ઉપર જણાવેલી હોસ્પિટલો સિવાયની બીજી કોઈ હોસ્પિટલ જેમ કે વોકહાર્ટ હોસ્પિટલ, એસ.આર.સી.સી. (નારાયણ હેલ્થ કલબ) અને સર એચ.એન.રિલાયન્સ હોસ્પિટલ સારવાર લેવી હોય તો કમિટીના કન્વિનિયરનો સંપર્ક કરવો.

**મંત્રી** — **સમીર શાહ/સમીર ધારીઆ**

**સંયોજક** — **યોગેશ ધારીઆ**




## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

D **કલ્પેશ મોહનલાલ ધારીઆ (કરોડપતિ)**
૮૦૧, કમલા આશિષ બિલ્ડીંગ નં.-૪,
મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ - ૬૭
મો. કલ્પેશ ધારીઆ : ૯૮૧૯૯૧૦૨૪૨
પિંકી કલ્પેશ ધારીઆ: ૮૫૫૧૦૦૭૩૬૦

### તેજસ્વી તારલા

જીજ્ઞેશ મણીકાંત કડકીઆ તથા કાલિન્દીની દિકરી **દાક્ષી** MBBS માં ઉત્તીર્ણ થઈ છે.
સંસ્થાવતી તેઓને અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D કીરીટકુમાર મુલજીભાઈ મોદી | ૮૮ |
| D વિપુલ અનિલભાઈ દેસાઈ | ૫૩ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Auth. Distributors
POLYCAB
IDEAS. CONNECTED.

Amrish Kacharia
Director

# Prabhat Wires AK
## Private Limited

Wires That Spark Innovation

**Nayi soch, nayi raftaar**

## OUR PRODUCTS:

- Power cables
- Control cables
- Instrumentation cables
- Solar cables
- Building wires
- Flexible cables
- Specialty cables (welding, submersible, overhead conductors, green wires)

022 - 49724848
+91 9769025153
sales@prabhatwires.in
www.prabhatwires.in

Scan To Know More



**Head Office**
1st Floor,Govind Niwas, 99/101 Lohar Chawl, Mumbai - 400002

**Mumbai ( Wires )**
Shop No-2, Bulakhidas Bldg, Ground Floor, 9/11, Vithaldas Road, Mumbai- 400002

**Mumbai ( Cables )**
Shop No-G-11, Bldg-8, Devkaran Mansion, Vithaldas Road, Mumbai 400002

**Bhiwandi Warehouse**
Survey No- 25/5 & 6, House No.-377, Dapode Road, Bhiwandi-421302

www.prabhatwires.in

GSTIN : 27AAPCP5617E1Z7

ANUKOOL selections
CELEBRATING 50 YEARS ANNIVERSARY 1976 2026
BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

Navin Kantilal Parekh — Rasesh Navin Parekh

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007. Contact / Whatsapp: 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES
Celebrating 30 Years 1996-2026

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Sole India Distributor
Intelligent Pro-Lighting, Pro-Sound, SFX & AV Distribution

ROBE Anolis AVA ARTISTIC LICENCE LSC MADRIX lumenradio W-DMX KVANT airSTAR aura audio HK AUDIO ASHLY LOUD rpar MDG

Concept. Design. Installation. Training. Maintenance

E: iesolns@gmail.com | W:www.iesolns.com | Rasesh Parekh: 9821125579 | www.instagram.com/iesolns

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2ndFloor,
V.P. Road, Mumbai-400004.

To,

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26 Regd.No.MCS/ 050 / 2024-26



Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 20th & 21st of every month